

શુદ્ધિપત્રક

પુષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૪	૧૦	આત્મર્થિં	આત્માર્થિં
૪૬	૨	દ્વપ	દ્વેપ
૪૭	૨	न्याय्यम्	न्याय्यम्
૫૨	૭	પ્રગટેતા	પ્રગટતા
૫૪	૬	શ્રતનો	શ્રુતનો
૫૬	૨૧	જન	જૈન
૧૨૨	૧૬	૫૬	૫૬
૧૩૩	૭	રગે	રંગે
૧૪૬	૪	જન	જૈન
૧૪૯	૧૭	મોટામા	મોટામા
૧૯૪	૧૮	સરગી	સરખી
૨૦૯	૨૦	ભોગાવેલી	ભોગાવલી
૨૦૯	૨૧	લેવાવાનો	લેવાવાનો
૨૧૨	૧૧	પાણુ	પણ



સૂચના

વીશમાં પૃષ્ઠ પર શ્રી પ્રવચન સારની ગાથાના અર્થરૂપે છપાયેલ છે કે વિનય વૈયાવચ્ચાદીરુપ પ્રશસ્ત ચર્યા શ્રમણોને હોય છે, છતા શ્રમણોને ગૌણ હોય છે.

આ રીતે છપાએલ છે તે ગાથાના અર્થની રીતે લખેલ છે. બાકી વિનય વૈઆવચ્ચાદિરુપ પ્રશસ્તચર્યા શ્રમણોને મુખ્ય હોય છે. એ રીતે સમજવાનું છે. કારણ વિનયતો ધર્મનું મુલ છે અને વૈયાવચ્ચ ગુણ ગુણોમાં અપ્રતિપાતિ ગુણ છે. અને વિનય વૈયાવચ્ચાદિરુપ પ્રશસ્ત ચર્યાથી શ્રમણપણ પરમ સૌખ્યને પ્રાપ્ત કરે છે.

૭૪માં પૃષ્ઠ પર નવમી લીટીમાં આ મુજબ છપાએલુ છે કે ત્યાં દશવૈકલિકના વિધાન મુજબ વર્તવાનુ મોટેભાગે રહ્યુ છે કયાં ! તેની સાથે એમ પણ વાંચવુ કે આ વિષમ કાળમાં પણ સંઘપણ અને શક્તિ મુજબ મહા પુરુષો શાસ્ત્રોના વિધાન અનુસાર ચારિત્રનું પાલન કરનારા છે તેના કારણે જૈન સાધુઓના આચાર વિચાર અને તપત્યાગની વિશ્વમાં ભૂરી ભૂરી અનુમોદના થઈ રહી છે જૈન મુનિઓના તપત્યાગ આગળ અન્ય ધર્માવલંબીઓ પણ મસ્તક ઝુકાવી દે છે શાસ્ત્રોમાં કેટલાક વિધાનો જિનકલ્પી મહાપુરુષો અંગેના હોય છે જે સ્વવિર કલ્પમાં લાગુ ન પાડી શકાય.



પ્રકાશકીય નિવેદન

સૌરાષ્ટ્ર કેશરી શાસન પ્રભાવક પ. પૂ.
દેવ શ્રી વિજય ભાનુરત્ન સૂરીશ્વરજી મહારાજ
મુનિવર્યશ્રી યશોવિજયજી મહારાજ તથા પૂ.
રાજયશ વિજયજી મહારાજાદિ ઠાણા સં.
સાલમાં બારવર્ષના ગાળા બાદ પુનઃ ફાગણ સુદી
રાજનગરમાં દેવકીનંદન સોસાયટીમાં પધાર્યા, ત્યાં
શ્રીસંઘે પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કરેલ ત્યારબાદ
પુરા, ઓપેરા, જૈનનગર, પંકજ સોસાયટી, દશા
સોસાયટી વગેરે સોસાયટીઓના શ્રીસંઘોને પોતાની
વાણીનો અપૂર્વ લાભ આપીને ચૈત્ર સુદી બીજના શુ
માંડવીનીપોળમાં આવેલ શ્રી નાગજીભૂદરની
ઉપાશ્રયે અપૂર્વ ધામધૂમથી પ્રવેશ કરેલ.

નાગજીભૂદરની પોળનો શ્રીસંઘ પૂજ્યશ્રીને
પાટણ વગેરે ક્ષેત્રોમાં વિનંતી કરવા ગએલ કારણ
શ્રીએ બારવર્ષ પહેલા સં. ૨૦૨૨ની સાલમાં
ચાતુર્માસ કરેલ હતું એટલે પોળના શ્રી સંઘને
પ્રતિ અપૂર્વ સદ્ભાવ રહી ગએલ એટલે પુનઃએક
કરાવવાની પોળના શ્રી સંઘને ભાવના જાગૃત થ

પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્રી ઓળીની અપૂર્વ આરાધના થઈ શ્રીપાલ મહારાજાના રાસનો સાર ભાગ પૂજ્યશ્રીને કંઠસ્થ હોવાથી વ્યાખ્યાનોમાં રસ એવો જામતો કે થોડાક મોડા પડે તેને ઉપાશ્રયના હોલમાં બેસવા જગ્યા નહોતી રહેતી ! ચૌમેરથી અને પોળે પોળથી ભાવિકો શ્રીપાલનો રાસ સાંભળવા ઉમટી પડતા હતા. પોળના શ્રીસંઘે ચાતુર્માસ અંગેની પૂજ્યશ્રીને જોરસોરથી વિનંતી કરી અને ચૈત્ર સુદી પૂનમના દિવસે ચાતુર્માસની જય બોલાવવામાં આવી. ત્યાર બાદ પૂજ્યશ્રીનો ચાલીશ વર્ષનો દીક્ષા પર્યાય હોવાની સાથે શાસન પ્રભાવક પણ હોવાથી અને પોતાના સમુદાયમાં કોઈ પણ આચાર્ય નહી હોવાથી પોળના શ્રી સંઘે આચાર્ય પદ અંગીકાર કરવા પૂજ્યશ્રીને વિનંતી કરી પૂજ્યશ્રી ઘણા વર્ષોથી પદવીની વાતને ટાળતા આવ્યા હતા. પણ સમુદાયમાં કોઈ જ આચાર્ય નહી હોવાથી પૂજ્યશ્રીએ સંઘની વિનંતી સ્વીકારી અને સં. ૨૦૩૫ના વૈશાખ વદી સાતમ શુક્રવાર તા. ૧૮–૫–૭૯ ના આચાર્ય પદવી આપવા અંગેનો શુભ નિર્ણય લેવાયો.

આચાર્ય પદવીના પ્રસંગે પૂજ્ય પંન્યાસજી શ્રી સ્વયં પ્રભ વિજયજી મહારાજને ઉપાધ્યાય પદ અને પૂ. ગણીવર્યશ્રી હેમપ્રભ વિજયજી મહારાજને પન્યાસપદ આપવા અંગેનો પણ નિર્ણય લેવાયો, પોળના શ્રી સંઘે પોળના ઉપાશ્રયના વિશાલ હોલમાં અષ્ટાન્હિકા મહોત્સવ સહીત અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર, સિધ્ધચક્રપૂજન વગેરે મહાન અનુષ્ઠાનો

ઉજવવા પૂર્વક અનેરા ઉલ્લાસથી ત્રિવેણીન
ત્રણે ત્રણ પદવીયોનો મહોત્સવ અનેરા ઉલ્લાસ
હથી જિન શાસનની અપૂર્વ પ્રભાવના કરવા
મહોત્સવની સાથે ૧૧ છોડનું ભવ્ય ઉદ્યાપન
આવ્યું.

સં. ૨૦૩૫ના વૈશાખ વદી સાતમના
હાઈસ્કૂલના વિશાલ મેદાનમાં ઉભા કરાએલા
પાંચથી છ હજારની વિશાલ માનવ મેદની
શાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી વિનય
મહારાજની નિશ્રામાં ત્રણે પદવીઓનો પ્રસંગ
અને ઠાઠથી ઉજવવામાં આવ્યો. પદવી પ્રસંગે
પ્રતિષ્ઠિત સદ્ ગૃહસ્થોએ ઘણીજ સારી સં
આપીને પદવીના પ્રસંગને સારી રીતે દીપાવી
શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ
શ્રેણીકભાઈ કસ્તુરભાઈ એ પણ પદવી પ્રસંગે
હતી. જેથી પ્રસંગની શોભામાં ઘણીજ અભિવૃ
આખોએ વિશાલ મંડપ ચિક્કાર ભરાઈ ગયો
મહારાજાઓની પણ ઘણી સારી સંખ્યામાં ઉ
પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી કે
મહારાજના સમુદાયના સાધ્વીજીઓ પોતાન

પૂજ્યપાદ

વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન



પૂજ્ય આચાર્યશ્રી

વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ

પદવી અંગીકાર કરનારા ત્રણે મહાપુરૂષોએ જ્યાં જ્યાં ચાતુર્માસ કરેલા ત્યાં ત્યાંથી ઘણીજ સારી સંખ્યામાં ભાવિકો પદવી પ્રસંગે પહોંચ્યા હતા. પદવી અંગેનો વિધિ સમાપ્ત થયા બાદ તે જ સમયે સૌથી પહેલા સૂરીમંત્રનો પટ તેમજ વર્ધમાન વિદ્યાના પટો ત્રણે પદવી ધરોને માંગરોળ નિવાસી શ્રેષ્ટિવર્યશ્રી મણીભાઈ મગનલાલ શાહ તેમજ શ્રેષ્ટિવર્ય શ્રી ધીરૂભાઈ મગનલાલ ચકુભાઈ શાહે ઘણીજ સારી બોલી બોલીને વહોરાવ્યા હતા. અને પહેલી કાંબલી ઘણી સારી બોલીથી મુળ શ્રી નાગજીભૂદરની પોળના અને મુંબઈ–અમેરીકા નિવાસી શ્રેષ્ટિવર્યશ્રી નરોત્તમદાસ કેશવલાલ લઠ્ઠાએ વહોરાવી હતી: શ્રેષ્ટિવર્ય શ્રી દલીચંદભાઈ ઝવેરચંદ શાહે રૂા. ૧૧૦૦ બોલીને નૂતન આચાર્યશ્રીનું પહેલું ગુરૂ પૂજન કર્યું હતું તેમજ શીરપુર (મહારાષ્ટ્ર)ના શ્રી સંઘે સોનાની ગીનીથી નૂતન આચાર્ય શ્રીનું ગુરૂપૂજન કર્યું હતુ તેમજ નાગપુર નિવાસી શ્રેષ્ટિવર્યશ્રી ભંવરલાલજી કોઠારીએ રૂા. ૧૫૦૦ની બોલી કરીને નૂતન આચાર્યશ્રીને આચાર્ય પદવીના બીજે દિવસે આહારદાન માટે પગલા કરાવ્યા હતા. શીરપુરના શ્રીસંઘે પદવી પ્રસંગે અત્રે આવીને પદવીના પહેલે દિવસે સંઘ પૂજનનો અપૂર્વ લાભ લીધેલ હતો. આ રીતે પદવી નિમિત્તોના દરેક પ્રસંગો અત્યંત ઉલ્લાસથી અને ચઢતે પરિણામે ઉજવાયા હતા. સૂરીમંત્ર વગેરેના પટો વહોરાવવાની વિધિ થયા બાદ કાંબળીઓ વહોરાવવા અંગે નો ઘસારો એટલો બધો થયોકે જાણે કાંબળીઓનો વર્ષાદ વર્ષી ગયો ચારસોથી ઉપર

કે મોટે ભાગે સામાયિકમાં વાંચવાનું રાખવુ જેથી જીવનમાં સમતા રસનો અપૂર્વ જમાવ કરી શકાશે.

પૂજય આચાર્યશ્રીએ પુસ્તક લખીને તૈયાર કર્યુ તો પોળના શ્રી સંઘને પુસ્તક પ્રકાશનનો અપૂર્વ લાભ મલ્યો તે બદલ પોળનો શ્રીસંઘ પૂજ્યશ્રીનો અત્યંત ભક્તિભાવે આભાર વ્યક્ત કરે છે.

પુસ્તકની પ્રેસ કોપી પૂ. સાધ્વીજીશ્રી પદ્મપ્રભાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી પુર્ણકલાશ્રીજીએ તૈયાર કરી આપી તે બદલ સાધ્વીજીશ્રીનો શ્રી સંઘ આભાર વ્યક્ત કરે છે. અર્વાન ટ્રેડર્સવાળા અને જાણીતા જૈન માસિક 'મુક્તિદૂત'ના સંપાદક મુમુક્ષુ સુશ્રાવક હસમુખભાઈ સી. શાહે પુસ્તકનું કામ ઘણા ટૂંકા સમયમાં અતિસુંદર અને ઉઠાવદાર કરી આપ્યુ તે બદલ શ્રી સંઘ તેમનો આભાર જાહેર કરે છે. જે જે મુમુક્ષુભાઈ બહેનોએ પુસ્તક પ્રકાશન થતાં પહેલા જે યોગ્ય સહકાર આપેલ છે. તે બદલ તેમનો પણ શ્રી સંઘ આભાર વ્યક્ત કરે છે. અંતમાં સૌ કોઈ આ પુસ્તકનું વાંચન મનન કરી તેમાંથી યથા શક્તિ જીવનમાં આચરણ કરે એજ ભાવના સાથે નિવેદન પુરૂ કરાય છે.

લી.

શ્રી નાગજીભુધરની પોળના સંઘ તરફથી

ઉપોદ્ઘાત

અમે અમદાવાદ શહેરમાં શ્રી નાગજીભૂદરની પોળના જૈન ઉપાશ્રયમાં સં. ૨૦૨૨ની સાલમાં પહેલું ચાતુર્માસ કરેલું બાર વર્ષ વીત્યા બાદ સં. ૨૦૩૫ની સાલમાં બીજું ચાતુર્માસ કરવાનો પ્રસંગ બન્યો. સં. ૨૦૨૨ની સાલના ચાતુર્માસમાં "અખંડ જ્યોત" નામે પુસ્તક અત્રેના શ્રી સંઘે બહાર પાડેલું તે પુસ્તક વ્યાખ્યાનોના સંગ્રહ રૂપ હતું. વ્યાખ્યાનો મેં સ્વતંત્ર લખીને તૈયાર કર્યા હતા. ઘણી મોટી સંખ્યામાં એ ચાતુર્માસમાં મુમુક્ષુઓ વ્યાખ્યાનનો લાભ લેતા હતા એટલે સૌને ભાવના થઈ કે વ્યાખ્યાનોના સંગ્રહરૂપ પુસ્તક બહાર પડે તો ભવિષ્યમાં પણ ચાતુર્માસમાં સાંભળેલા વ્યાખ્યાનોની સ્મૃતિ જળવાઈ રહે. અગાઉથી ઘણા મુમુક્ષુઓએ પુસ્તકો લખાવી લીધા અને પોળના શ્રી સંઘનો પણ અપૂર્વ સહકાર હતો એટલે એ કાર્યને ૨૦૦૦ નકલ બહાર પાડવામાં આવી, આજે તેમાંની એક પણ નકલ સિલકમાં નથી

ઘનજી મહારાજના સ્તવનો પર વિવેચન લખવાનું શરૂ કર્યું
અને ચોવીશીના પાંચ સ્તવનો પરનું વિવેચન
પુરું કર્યું. ચોવીશીના ત્રણ સ્તવનો પર ઘણા વર્ષ
પહેલા વિવેચન લખેલું, શાંતિનાથ ભગવાન કુંથુનાથ
ભગવાન અને મલ્લિનાથ ભગવાનના સ્તવનો પ
ઘણા વર્ષો પહેલા પાલીતાણા અને મુંબઈના ચાતુર્માસમ
વિવેચનો લખેલા એ બધા સ્તવનો મળીને આઠ સ્તવન
પરનું વિવેચન આ પુસ્તકમાં છપાવવામાં આવ્યું છે બાકીન
સ્તવનો પર ક્યારેક ભવિષ્યમાં લખવાની ઇચ્છા છે સ્થિ
સંયોગોપર ઘણો આધાર રહે છે.

પૂ. આનંદઘનજી મહારાજ લગભગ ત્રણસો વ
પહેલા મહાન અધ્યાત્મયોગી અને અવધૂત પુરુષ થઈ ગ
સ્વ આત્માનું કલ્યાણ અને સ્વ સ્વરૂપની સ્વાનુભૂતિ એ
એમના જીવનનું મુખ્ય લક્ષ હતું તેમણે રચેલા સ્તવ
અને પદોમાં મુખ્ય આત્માનો વિષય લીધેલો છે પદોના
ટૂંકા શબ્દમાં તેમણે આત્માજ ગાયો છે.

"અબ હમ અમરભયે ન મરેંગે" અવધુ ક્યાં મ
[illegible], અવધૂ ઐસો જ્ઞાન વિચારી, અવધૂ સો જોગી
[illegible], આવા પદોમાં તેમણે આત્માના શુદ્ધ સ્વરૂ
[illegible] ઓળખાવી છે અને ચોવીશીના સ્તવનોમાં
[illegible]

છે અને તેની સ્તવનોમાં ગુંથણી એવી કરી છે કે સ્તવન
બોલવાના સમયે આત્મા અંદરથી આનંદવિભોર બને

પૂ. યોગીરાજ આનંદઘનજીના પદોમાં અને સ્તવનોમાં
વપરાયેલી ભાષા પરથી એમ લાગે કે તેઓ મેવાડ
મારવાડના પ્રદેશમાં ખૂબ વિચર્યા હોવા જોઈએ તેઓનો
જન્મ ક્યાં થયેલો, જન્મભૂમિ કયા દેશમાં હતી તેઓ
સંસારી અવસ્થામાં કોના પુત્ર હતા, કઈ જ્ઞાતીના હતા,
કઈ ઉંમરે તેઓએ દીક્ષા અંગીકાર કરી, દીક્ષા ગુરૂ તેમના
કોણ હતા તે સંબંધી ચોખી હકીકત પ્રાપ્ત થઈ શકતી
નથી તેઓશ્રીનું જીવન વૃતાંત કોઈએ લખેલુ નથી.

દંતકથાની અથવા અનુભવી પુરૂષોએ તેમના વિષે જે
કંઈ લખેલુ છે તે પરથી જાણવા મળે છે કે તેમનો જન્મ
બુંદેલખંડના એક શહેરમાં થયો હતો અને તેમણે શ્વેતા-
મ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં દીક્ષા અંગીકાર કરી હતી
અને સાધુ અવસ્થામાં લાભાનંદજી એવું તેમનુ નામ હતું
અમુકનો અભિપ્રાય એવો છે કે તેઓએ તપાગચ્છમાં દીક્ષા
અંગીકાર કરી હતી અને અમુકનો અભિપ્રાય એવો છે કે
તેઓશ્રીએ ખરતરગચ્છ સમુદાયમાં દીક્ષા ગ્રહણ કરી હતી.
માટે એ વિવાદમાં ઉતરવું નથી પણ એટલી વાત નિશ્ચિત
છે કે તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં દીક્ષીત
થયા હતા અને તે વાતની પુષ્ટિ તેમણે રચેલા નમીનાથ
સ્વામિના સ્તવનમાં આવતી એક ગાથા પરથી થઈ જાય છે.
તે ગાથા નીચે મુજબ છે

મોડેથી વ્યાખ્યાનમાં આવ્યા, વ્યાખ્યાનપુરૂ થયા પછી આનંદઘનજીની પાસે આવ્યા અને કહેવા લાગ્યા--

मैं आपकी इतनी सेवा करता हुं वस्त्र पात्र सब मैंने आपको वेराया हैं । आहार पानी प्रतिदिन वेराता हुं और आपने व्याख्यान मेरे आनेसे पहले कैसे शुरु कर दीया ? थोडी मेरी राहतो देखना था । योगीराजने प्रत्युत्तरमें कहदीया--देखो शेठ जो आपने वस्त्र पात्र वेराया है, वह मैं आपको सुप्रत करदेता हुं, और जो आहार पानी वेराया वहतो पेटमें चला गया । इसलीए आहार पाणी तो पुनः दे नही शक्ता हुं, बस इतना कहके जंगलका रास्ता पकडलीया फिर वे कहां गये और शेष चौमासा कहां बीताया,

આ બધી વાતમાં ઉતરવાની આપણે જરૂર નથી. તેઓ પોતે મહાપુરૂષ હતા જેમ પોતાને યોગ્ય લાગ્યુ હશે તેમ કર્યું હશે. આપણે તો આ પ્રસંગમાંથી એટલુ જ ગ્રહણું કરવાનું છે કે તેઓ કેટલા બધા નિઃસ્પૃહી સંત હતાં. ગમે તેવો ભક્ત હોય પણ તેની લપેટમાં આવનાવાળા તેઓ નહોતા.

ચોવીશીમાં પહેલુ સ્તવન ભગવાન ઋષભદેવજીનું જે રચ્યુ છે તેની પછવાડે પણ એક એવી દંતકથા છે કે કોઈ



પામી શકે નહી શુભમાં યથાશક્તિ યત્ન કરવો એવા ન્યાયથી મેં આ સામાન્ય પ્રયત્ન કર્યો છે. સજ્જનો જરૂર આમાંથી પણ સાર ગ્રહણ કરી લેશે. છતા સ્તવનોના અર્થ લખતા કાંઈ શાસ્ત્ર વિરુદ્ધ મારાથી લખાઈ ગયું હોય તો તે બદ્દલ મિચ્છામિદુઃક્કડમ્ જાહેર કરૂં છું.

શ્રી નાગજીભુદરની પોળના શ્રીસંઘે આ કાર્યમાં સંપૂર્ણ સહકાર આપેલ છે તે બદલ શ્રી સંઘને ધન્યવાદ ઘટે છે, તેમજ મુમુક્ષુભાઈ બહેનોએ પણ આ કાર્યમાં અપૂર્વ સહયોગ આપેલ છે તે બદલ તેમને પણ ધન્યવાદ ઘટે છે. મુનિશ્રી યશોવિજયજી તથા મુનિશ્રી રાજયશ વિજયજીનો પણ મારી પ્રત્યેક શુભ પ્રવૃત્તિમાં સંપૂર્ણ સહયોગ રહે છે તે બદલ તેમને પણ અંતરના આશીર્વાદ આપુ છું. આ પુસ્તકનું વાંચન મનન કરી સૌ કોઈ તેમાંથી યોગ્ય પ્રેરણા મેળવે એજ અભિલાષા સાથે ઉપોદ્ઘાત પુરો કરાય છે.



પુસ્તક પ્રકાશનના કાર્યમાં આર્થિક સહાય આપનાર શ્રી સંઘ સદ્ગ્રહસ્થો તથા અગાઉથી પુસ્તકો નોંધાવનાર ભાગ્યવાનોની શુભ નામાવલી.

રૂપિયા	નામ	ગામ
૩૫૦૦	શેઠ રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય ટ્રસ્ટ નાગજીભુદરની પોળ	અમદાવાદ
૧૫૦૦	શ્રી મુંબઈ જૈન સંઘ હ. શાંતિલાલ એમ. શાહ	મુંબઈ
૧૦૦૦,	શેઠ નરોત્તમદાસ કેશવલાલ નવાબ	અમદાવાદ
૧૦૦૦,	શેઠ ભીખુભાઈ ચીમનલાલ ચોકસી દેવકીનંદન સોસાયટી	અમદાવાદ
૧૦૦૦,	તારાબેન વિમળભાઈ નગીનદાસ	,,
૭૦૦,	બાબુભાઈ સકરચંદ શાહના શ્રેયાર્થે કલ્યાણ સોસાયટી અમદાવાદ હ. દીપકભાઈ સકરચંદ શાહ	
૬૦૧	શ્રી શીરપુર જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ	શીરપુર (મહારાષ્ટ્ર)
૫૦૦	શ્રી વિજયચંદ્રસુરીશ્વરજી જ્ઞાન મંદિર નવરંગપુરા	અમદાવાદ
૬૮	શ્રી કાકાબળીયાની પોળ જૈનસંઘ	,,

...કલ :-

૭૧ શેઠ કેશવલાલ ચુનીલાલ લઠ્ઠા
નાગજીભુદરની પોળ અમદાવાદ

૫૧ શેઠ નરોત્તમદાસ કેશવલાલ નવાબ ,,
૨૧ મનોરસિંહ રતનલાલજી ધુપીયા ,,
૧૫ નારાયણદાસ લાલભાઈ ઠક્કર ,,


૧૫ કાકાબળીયાની પોળના બહેનો તરફથી સાધ્વીજી-
શ્રીમતીશ્રીજીની પ્રેરણાથી ,,

૧૫ એક શ્રાવિકાબેન ,,
સાધ્વીજી શ્રી વિનયપ્રભાશ્રીની પ્રેરણાથી
૧૧ મનુભાઇ લાલભાઈ ,,
૧૧ કાકાબળીયાની પોળ સુવિધિ મહિલા મંડળ તરફથી
સાધ્વીજી કુમુદશ્રીજીની પ્રેરણાથી ,,

૧૧. મુળચંદ કરમચંદ અમદાવાદ
૧૧. જગમોહન વીરજીભાઈ સંઘવી ,,
૧૧. માણેકલાલ ત્રીકમલાલ વોહોરા ,,
૧૧. શાન્તીલાલ કચરાભાઈ શેઠ ,,
૧૧. રસીકલાલ સારાભાઈ ઝવેરી ,,
૧૧. જયંતીલાલ ભોગીલાલ ,,
૧૧. પોપટલાલ મનસુખરામ ,,
૧૧. કાન્તીલાલ લખુભાઈ પરીખ ,,
૧૧. રતીલાલ કચરાભાઇ ,,

૧૧. બાબુભાઈ ધોળીદાસ ધ્રુવ ,,
૧૧. પ્રેમચંદ ચુનિલાલ લઠ્ઠા ,,
૧૧. ભુરીબેન પુંજાભાઈ ,,
૧૧. વિજ્યાબેન કાન્તીલાલ સંઘવી (મોરબીવાળા) ,,
સાધ્વીજી શ્રી કમળાશ્રીના ઉપદેશથી
૧૧. હપુબેન મધુભાઈ વૈદ વડોદરા
સાધ્વીજી શ્રી પ્રભાશ્રી તથા કુમુદશ્રીની પ્રેરણાથી





શ્રી આનંદઘન ચોવીશી પરનું આત્મિક વિવેચન

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે
ઓર ન ચાહું રે કંત
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે
ભાંગે સાદિ અનંત.....ઋષભ.

છેલ્લા ઘણા વર્ષોથી શ્રી આનંદઘન ચોવીશી પર વિવેચન લખવાની મારા મનમાં ઇચ્છા રમ્યા કરતી હતી. પણ હિંમત ચાલતી નહોતી કારણ આનંદઘનજીના આશયો એટલા બધા ગંભીર છે કે તેનો તાગ મારા જેવો અલ્પ બુદ્ધિવાળાઓ લઈ શકે નહીં છતાં અમુક આધ્યાત્મિક યોગોમાં અનુકૂળતા પછી હવે થોડી હિંમત આવી અને ઘણાં વર્ષોનાં અનુભવ પછી લખવા પ્રેરાયો છું.

જૈન શાસનમાં ચોવીશીઓ ઘણા મહાપુરુષોએ રચી છે તેમાં આનંદઘન ચોવીશી યશોવિજયજી ઉપાધ્યાયે રચેલી ચોવીશી અને દેવચંદ્ર ચોવીશી એ ત્રણ ચોવીશીઓ આપણામાં ખૂબ જ પ્રખ્યાત છે–તેમાં આનંદઘન ચોવી-શીમાં અધ્યાત્મ યોગનો વિષય ખૂબ ખેડાયેલો છે. ભક્તિ

ઉપયોગી બનશે. એટલે તે તે મુમુક્ષુઓની ભાવના સાકાર કરવા આ પ્રયત્ન મેં આદર્યો છે.

આનંદઘન ચોવીશી એ મારા પોતાના જીવનનો અત્યંત પ્રિય વિષય છે. મેં દીક્ષા અંગીકાર કર્યા પહેલાં એ ચોવીશી કંઠસ્થ કરેલી આજે ચાલીસ વર્ષનાં દીક્ષા પર્યાયે પણ ચોવીશીનાં સ્તવનો બોલતા અંતરમાં તેટલો જ આનંદ અનુભવાય છે. જેટલો શરૂઆતમાં ચોવીશી કંઠસ્થ કરતાં અનુભવાતો હતો બલ્કે તેની પર ચિંતન મનન થતાં અતિ વિશેષ આનંદ અનુભવાય છે. એક તો પૂ૦ યોગીરાજ આનંદઘનજીની એ પ્રાસાદિક વાણી અને તે પણ પાછી કાવ્યમયી પછી શું ખામી રહે. ચોવીશીનાં એક એક સ્તવનમાં અંતરનાં ભાવો એવા રેડી દીધા છે કે જ્યારે જ્યારે ગાતા હોઈએ ત્યારે તેમાં અપૂર્વતાજ પ્રતિભાસે જેવી અપૂર્વતા પ્રતિભાસે છે તેવી જ તેમાં પ્રશાંત વાહિતા પ્રતિભાસે છે. શબ્દે શબ્દમાંથી શમરસીભાવ ન નીતરતો હોય તેવો સ્તવનો બોલવાના સમયે સ્વાનુભવ થયા વિના રહેતો નથી અધ્યાત્મ યોગના ગહનમાં ગહન રહસ્યો યોગીરાજ ચોવીશીમાં ઉતારી શક્યા છે અને અધ્યાત્મના વિષયને સ્તવનોની રાગ રાગિણીમાં ઉતારીને એવું તો રસપ્રદ બનાવી મૂક્યું છે કે કોઈ પણ મુમુક્ષુ તેમાંથી અખૂટ આનંદ મેળવ્યા વિના ન રહી શકે.

અધ્યાત્મ જેવા ગહન વિષયને સ્તવનોમાં અને

રાગ રાગિણીમાં ઉતારવાથી સ્તવન ગાવાના સમયે મનની એકાગ્રતા પણ તેમાં એટલી બધી જળવાઈ રહે છે કે અન્ય કોઈ પણ બહારનાં વિષયોમાં કે બહારના વાતાવરણમાં મન એ સમયે જોડાતું નથી અને ક્યારેક તો પરમાત્માની સ્તવનાં કરતા કરતા મન એવું લીન બની જાય છે કે જિનપદ અને નિજપદ જાણે એક ન હોય તેવો અંતરમાં પ્રતિભાસ થયા વિના રહેતો નથી અથવા તો પોતાના અંતરાત્મામાં જ પરમાત્મ દશાનો સ્વાનુભવ જાગૃત થાય છે. આખિર તો જિનપદ નિજપદ એકજ છે, નિશ્ચય નયની દૃષ્ટિએ તેમાં કશો ભેદ નથી બંને અભેદ છે. પોતાના સ્વરૂપનું લક્ષ થવાને માટે જ મહાપુરુષોએ આટલા બધા શાસ્ત્રો પ્રરૂપ્યા છે.

જિનપદ નિજપદ એક હૈ
ભેદ ભાવ કછુ નાહી
લક્ષ થવાને કારણે
કહ્યા શાસ્ત્ર સુખદાઈ
(શ્રીમદ્ રાજચંદ્ર......)

પ્રીતિ અનુષ્ઠાનથી શુભ શરૂઆત

ચોવીશીમાં ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર હોવા થી આનંદઘનજીએ પ્રથમ સ્તવના ભગવાન ઋષભદેવની

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે
અવર ન ચાહું રે કંત
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત.

શુદ્ધ ચેતના પોતાની સખી શ્રદ્ધાને કહે છે કે, ઋષભ જિનેશ્વર એજ મારા ખરા પ્રીતમ છે. મેં અંતરથી એમની સાથે જ પ્રીતિ જોડી છે અને બાકી બધા સાથેની પ્રીતિ મેં તોડી છે. પુદ્ગલાદિ પર દ્રવ્યો સાથેની પ્રીતિને જે તોડે તે જ પરમાત્મા સાથે પ્રીતિને જોડે. પરમાત્મા પ્રતિ પ્રીતિ બંધાય એ પણ પ્રીતિ અનુષ્ઠાન કહેવાય છે. અને તેમાંથી પરંપરાએ ભક્તિ પ્રગટે તે ભક્તિ અનુષ્ઠાન કહેવાય. આગળ જતાં તે જ આત્મા, વચન અને અસંગ અનુષ્ઠાનને પણ પ્રાપ્ત કરી શકે છે—પૂ૦ આનંદઘનજી મહારાજે પૂ૦ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે અને પૂ૦ ઉપાધ્યાય દેવચંદ્રજી મહારાજે પ્રીતિ અનુષ્ઠાનથી જ ચોવીશીના સ્તવનોની રચના શરૂ કરી છે જેમ આનંદ ધનજીએ ફરમાવ્યું કે ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે તેમ પૂ૦ દેવચંદ્રજીએ ફરમાવ્યું કે

ઋષભ જિણંદસુ પ્રીતડી,
કેમ કીજે હો કહો ચતુર સુજાણ,

તેવીજ રીતે પૂ૦ યશોવિજયજીએ ફરમાવ્યું કે "જગ જીવન જગવાલહો અથવા અજિત જિણંદસુ પ્રીતડી. આ રીતે મહાપુરુષોએ પ્રીતિ અનુષ્ઠાનથીજ શુભ શરૂઆત

જ્યાં પરમાત્મા પ્રતિ પ્રીતિ ન જાગે ત્યાં ભક્તિ
જાગે શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયોમાં એ પ્રીતિ
અને પરમાત્મામાંએ પ્રીતિ ચોથવી આવું વિપરિત
શી રીતે; લોટ ચાટવું અને ભસવું એકી સાથે બને
રીતે, વીતરાગનો ભક્ત વીતરાગ ન હોય એ બની
પણ વિરક્ત પણ ન હોય એ બને શી રીતે-કમથી
વીતરાગને ભજનારો વીરાગી તો હોવો જોઈએ. એને
ચો ભયંકર લાગવા જોઈએ. અને વીતરાગ પરમા-
એ ફરમાવેલો મોક્ષમાર્ગજ ભદ્રંકર લાગવો જોઈએ
ક્ષમાર્ગમાં અને દેવ ગુરૂ ધર્મમાં પ્રીતિ ન જાગે અને
ગો ભયંકર લાગવાના બદલે સારા લાગે એ જીવ તો હજી
હલા ગુણઠાણે ઉભેલો છે વિષયો વિષ કરતા ભયંકર
ગે અને અમૃતરસ કરતાએ મોક્ષમાર્ગમાં તિવ્ર રૂચી
ગે તો સમજી લેવાનું એ જીવ ઉત્તરોત્તર ચઢતે ગુણ-
ણે છે.

પ્રીતિ અનુષ્ઠાનનું સ્વરૂપ

દેવગુરૂ અને ધર્મપ્રતિ હૃદયમાં પરમ આદર અને બહુમા
ઉત્પન્ન થાય એટલુંજ નહીં સંસારીક બધા કાર્યો એક
વાર પડતા મૂકીને પરમાત્માની ઉપાસનામાં લાગી જા
એજ પ્રીતિ અનુષ્ઠાનનું ખરું લક્ષણ કહી શકાય. પૂ
હરિભદ્રસૂરી મહારાજા ષોડશક પ્રકરણમાં પ્રીતિ અનુષ્ઠાન

છે. આ વૈભવનાં મુકાબલે ચક્રવર્તિનો પટ્ખંડનો વૈભવ પણ સડેલા તણખલા સમાન છે, ચક્રવર્તિ જો પટ્ખંડના વૈભવમાં જ રચ્યો પચ્યો રહેતો મરીને સાતમી નરકે જાય! અને ભરત ચક્રીની જેમ પોતાના આંતર વૈભવને પ્રગટાવી લે તો મોક્ષે પહોંચી જાય. બ્રહ્મદત્ત ચક્રવર્તિને પંચ ઇન્દ્રિયોના વિષયોમાં અને પોતાની મહારાણીઓમાં એટ બધી આશક્તિ અને પ્રીતિ હતી કે અંત મૃત્યુને પામી સાતમી નરકે ગયો. પર દ્રવ્યો સાથેની પ્રીતી અને આશકિ કોઈ કામ ન આવી. મમ્મણ શેઠને પરિગ્રહ ઉપર અમા પ્રીતિ હતી તે પણ મરીને સાતમી નરકે ગયો. ગૌત સ્વામિને, મહાવીર ભગવાન પ્રતિ પ્રીતિ હતી તો કેવ જ્ઞાન પામીને મોક્ષે સિધાવ્યા માટે મહાપુરૂષો ફરમાવે છે

> પ્રીતિ પુદ્ગલ નાગી તોડો,
> પ્રભુના ધ્યાનમાં જોડો.
> આખતરે તો ખરો થોડો.
> નિકળશે કર્મના ખોડો

પુદ્ગલ સાથેની પ્રીતિને તોડો અને તે પ્રીતિ પ્રભુનાં ધ્યાનમાં જોડો અરે! કે બહુતજનો થોડો [illegible] [illegible] કરી જુઓ પ્રીતિને પ્રભુના ધ્યાનમાં જોડો [illegible] [illegible] તો [illegible] જ નિકળી જવાનો-આત્મા [illegible] [illegible] જરૂર માટે કોઈ પણ જાતના સાધન નથી [illegible] [illegible] જરૂર આવશ્યક છે. આ [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] ધ્યાન મનની આત્માની [illegible] અને તે [illegible]

પ્રેમ પૂર્વક સાંભળે તો સમજવું એ જીવ નિશ્ચિત ભાવિ કલ્યાણનો ભાજન છે. અને તે આત્માની વ્યાખ્યા સાંભળ્યાં પછી તેનું શ્રદ્ધાન કરે અને તેમાં રમણુતા કરતો જાય. તે તો ભાવિનો ભગવાન છે.–હું શરીર જ છું એવો અવિવેક જીવમાં અનાદિથી ચાલ્યો આવે છે પણ હું શરીર નહીં પણ શરીરથી ભિન્ન આત્મા છું એવો વિવેક કોટી ભવે પણ દુર્લભ છે. એવો વિવેક શરીર અને આત્માના ભેદ જ્ઞાનથી પ્રગટે છે.

પૂ૦ ઉપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજે જ્ઞાન-સાર ગ્રંથમાં આજ વાતનો આબેહુબ ઉલ્લેખ કર્યો છે.

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्याऽपि तभ्देदविवेक स्त्वति दुर्लभः ॥

ભેદજ્ઞાન માટે શરીર અને આત્માના લક્ષણો જાણવા જોઈએ શરીરનું લક્ષણ સડન પડન, અને વિધ્વંશ ન છે અથવા સ્પર્શ, રસ ગંધ અને વર્ણ એ શરીરાદિ પુદ્ગલ દ્રવ્યોના ગુણ ધર્મો છે જ્યારે આત્માનું લક્ષણ ઉપયોગ છે અને જ્ઞાન, દર્શન ચરિત્રાદિ આત્માના ગુણ છે. આ રીતે શરીર અને આત્માના લક્ષણો નિરાલા હોવાથી આત્મા શરીરથી ભિન્ન છે એ વાત ઓટોમેટીક સિદ્ધ થઈ જાય છે અને તે પછી અન્ય ધન વૈભવાદિ પર દ્રવ્યોથી તો આત્માની ભિન્નતા સ્વતઃ સિદ્ધ થઇ જાય છે આવો ભેદ

જ્ઞાન [illegible] ત્યારે જ [illegible]
જ્ઞાતા દ્રષ્ટા સ્વરૂપે ઓળખી [illegible]
તે રૂપે ઓળખવા બનવાનું [illegible]
બાંધ છે જ્યારે જ્ઞાતા દ્રષ્ટા ભાવ [illegible]
લાગતો નથી, આથી આત્માની [illegible]
પુદ્ગલનો મોહ છૂટતો નથી [illegible]
ફરમાવ્યું તેથી આ ઢાળની રચના છે

પ્રીતિ અનાદિની વિષ ભરી
તે રીતે હો કરવા મુજ ભાવ
કરવી નિર્વિષ પ્રીતડી
કિણ ભાંતે હો કહો બને બનાવ,
ઋષભ જિણંદ શું પ્રીતડી

હે નાથ ? અનાદિની રાગ-દ્વેષના વિષ [illegible] ભરેલી પર દ્રવ્યો સાથેની પ્રીતિ કરવાના જ મારા સંસ્કાર ભાવો છે રાગ-દ્વેષના ઝેર વગરની પ્રીતડી મારે કરવી નાથ ? એ બનાવ કઈ રીતે બને આપ જ કૃપા દૃષ્ટિ રાખી મને બતાવો, નાથ પ્રીતિ કરનારા તો રાગ દશાવાળા અને આપ તો સંપૂર્ણ પણે વીતરાગ છો તો પણ આપ સાથે મારે પ્રીત બાંધવી છે નાથ ? હવે તેની રીત બતાવો તો કે હે મુમુક્ષુ અરાગી સાથેની જે પ્રીતડી છે તે પરંપરાએ આત્માને લોકોત્તર માર્ગે લઈ જનારી અનાદિની પર દ્રવ્યો સાથેની પ્રીતિને જે તોડે તેજ પરમાત્મા સાથે પ્રીતિને જોડે-બસ આજ પ્રીત કરવા સાચી રીત છે.

આ વ્યાખ્યા પૂ. ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજે ઋષભદેવ ભગવાનના સ્તવનમાં ફરમાવેલી છે.

પ્રીતિ કરે તે રાગીયા, જીનવરજી હો તુમે તો વીતરાગ !
પ્રીતડી જોડ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તરમાર્ગ ॥

રાગીઓની સાથે રહેવાથી રાગ દશા વધે છે. અને તેનાથી ભવભ્રમણ વધે છે-નિરાગી મહાપુરૂષો સાથે રાગને જો જોડવામાં આવે તો ભવનો પાર પામી જવાય છે. રાગની દિશા પલટાવવાની છે. દેવગુરૂ અને ધર્મ પ્રતિનો રાગ પ્રશસ્ત રાગ છે અને તે પ્રશસ્ત રાગ આત્માને પરંપરાએ વીતરાગ બનાવી દે છે. જ્યારે કંચન કામિની અને કુટુંબ કબીલા પ્રતિનો રાગ અપ્રશસ્ત છે. તે સંધ્યાના રંગ જેવો છે સંધ્યા ગમે તેવી ખીલી હોય પણ અંતે અસ્ત છે અને જ્યાં અસ્ત ત્યા નિબિડ અંધકાર છે. જ્યારે પ્રશસ્ત રાગ ઉષાના રંગ જેવો છે. ઉષા સવારના ખીલે છે અને આકાશનું વાતાવારણ રંગ બેરંગી થઈ જાય છે છતાં ઉષા ખીલે એટલે પરંપરાએ ઉદય થાય છે તેમ દેવગુરૂ અને સત્સંગ પ્રતિનો રાગ ઉષાના રંગ જેવો છે. તેમાંથી પરંપરાએ કેવલજ્ઞાન રૂપી ઝલહલતા સૂર્યનો ઉદય થાય છે. એટલા માટે પ્રશસ્ત ચર્યા અને પ્રશસ્ત ભાવોનો મહાપુરૂષોએ ક્યાંય નિષેધ કર્યો નથી. પ્રવચન સાર ગ્રંથમાં દિગંબર સંપ્રદાયના આચાર્ય કુંદકુંદ સ્વામિ પણ ૨૫૪ મી ગાથામાં લખે છે કે,

[illegible] ।

[illegible] ॥

[illegible] ગ છે ત્યાં શ્રમણોને ગૌણ હોય છે જ્યારે ગૃહસ્થોને [illegible] મુખ્ય હોય છે અને પ્રશસ્ત રાગથી જ ક્રમે પરમ નિર્વાણને પામે છે. આજ ગાથા પરના [illegible]માં ટીકાકાર અમૃતચંદ્રાચાર્યજી તો ત્યાં સુધી કહે છે કે"

राग सयोगेन शुद्धात्मनोऽनुभवात् क्रमतः
परम निर्वाण सौख्य कारणत्वाच्च मुख्य ।

ગૃહસ્થને રાગના સંયોગથી શુદ્ધાત્માનો અનુભવ થાય છે અને તેથી તે શુભોપયોગ અને વૈયાવૃત્યાદિરૂપ પ્રશસ્ત ચર્યા પરંપરાએ નિર્વાણ સૌખ્યનું કારણ બને છે. આ રીતનાં સ્પષ્ટ કરણમાં કુંદકુંદાચાર્યજીએ અને અમૃતચંદ્રાચાર્યજીએ પ્રશસ્ત ચર્યા અને પ્રશસ્ત, રાગને કેટલું મહત્વ આપ્યું છે અને સાફ સાફ શબ્દોમાં વિધાન કર્યું છે કે શુભોપયોગ પણ પરંપરાએ મોક્ષનું કારણ છે. પોતાને માન્ય પુરૂષોનું આવું સ્પષ્ટ વિધાન હોવા છતાં કેટલાકો મોક્ષ માર્ગમાં શુભોપયોગ અને પ્રશસ્ત રાગની ઉપયોગિતા સ્વીકારતા નથી અને લોકોમા ભ્રમ ફેલાવતા હોય છે કે શુભ રાગમાં ધર્મ છે જ નહીં ધર્મ તો માત્ર શુદ્ધોપયોગમાં જ છે અરે ! પણ એકદમ

ી શુદ્ધોપયોગ આવી જવાનો છે અને એકદમ શુદ્ધો-
l આવી જતો હોય તો દરરોજ સ્વાધ્યાયાદિ શા માટે
છો જિન મંદિર અને જિન પ્રતિમાના આલંબનો
માન્ય રાખો છો, પ્રતિષ્ઠા મહોત્સવાદિ પણ કરો છો.
માં જ ધર્મ હોય અને શુભમાં ધર્મ ન હોય તો
ી બધી શુભ પ્રવૃત્તિઓ તમારે કરવાની શી જરૂર
ાટે શુદ્ધની જેમ શુભમાં પણ ધર્મ છે એ વાત કુંદ-
ચાર્ય જેવા મહાન પુરૂષોએ પણ માન્ય રાખેલી છે.
ાસારની બારમી ગાથાની ટીકામાં અમૃતચંદ્રાચાર્યજી
સદ્ વ્યવહારને તીર્થ કહ્યું છે અને નિશ્ચયને તીર્થ
કહ્યું છે. આટલા પરથી સમજી લો કે સદ્ વ્યવહારનું
નું બહુ આદર કર્યું છે.

્શ્ચયની જેમ સદ્વ્યવહારની પણ ઉપાદેયતા

શુક્લધ્યાન શુદ્ધોપયોગ રૂપ છે અને ધર્મધ્યાન
ોપયોગ રૂપ છે છતાં બન્નેને પૂ૦ ઉમાસ્વાતિએ તત્વાર્થ
ના નવમા અધ્યાયમાં મોક્ષના હેતુ કહ્યા છે જરા
ાર્થ શાસ્ત્રનાં પૃષ્ટ ખોલીને આ વાત ધ્યાનથી વાંચી
ો એટલે શુભોપયોગની ઉપાદેયતા આપોઆપ સમ-
 જશે. મોક્ષ માર્ગમાં એકલો નિશ્ચય જ ઉપાદેય અને
વહાર તો હેય અથવા જ્ઞેય આ રીતની પ્રરૂપણાતો
ાઓ જૈન માર્ગનો લોપ કરનારી છે. વ્યવહારનો
પ કરવા જતાં તીર્થનો વિચ્છેદ થાય છે અને નિશ્ચયનો

ાપ કરવા જતાં તત્વનો વિચ્છેદ થાય છે માટે જિન
માર્ગમાં રહીને આરાધના કરવા ઇચ્છનારે બન્નેમાંથી એકેનો
પણ ત્યાગ નહીં કરવો આ રીતનાં ટંકોત્કીર્ણ વચનો
વિશેષાવશ્યક ભાષ્યમાં છે અને સમયસારની ટીકામાં પણ
આવા ટંક શાળી વચનો છે સદ્વ્યવહાર સાધન છે અને
નિશ્ચય સાધ્ય છે આ વાત દરેક મુમુક્ષુએ હૃદયની દિવા
પર લખી રાખવા જેવી છે.

નિશ્ચય વ્યવહાર અંગેના બધા શંસયો છેદી નાંખે એવું અજોડ વિધાન

પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે,

નિશ્ચય દૃષ્ટિ હૃદયધરી
પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે,
ભવ સમુદ્રનો પાર.

નિશ્ચયની દૃષ્ટિ હૃદયમાં ધારણ કરીને જે કોઈ [illegible] નું પાલન કરે છે તે મહા પુણ્યવંત આત્મા [illegible] પાર કરી શકે છે. ઉપાધ્યાય [illegible] છે જેનું [illegible] [illegible]

તિ અને ભક્તિ અનુષ્ઠાનની કેટલી ઉપયોગિતા
છે અને સારૂ શબ્દોમાં કહ્યું છે કે પરમાત્મા
પ્રીતિ એજ વાસ્તવિક પ્રીતિ છે અન્ય સાથેની
સોપાધિક છે કારણકે તેમાં મોટે ભાગે
ી વાત પહેલી હોય છે સ્વાર્થ હોય
ી સ્નેહ દાખવે અને સ્વાર્થ સરી જાય એટલે
માં છેહ આપીને ઉભા રહે એવી પ્રીતિ શા કામની.
ની સ્વાર્થની પ્રીતિમાં રાગદ્વેષ પોષાતા હોવાથી
ત્મિક ધનને લુંટાવનારી છે જ્યાં રાગદ્વેષ પોષાતા
યાં આત્માની પાયમાલી સિવાય બીજું શું હોય.
પણ પ્રશસ્ત ભાવે હોય તો સાધક દશામાં તેની
ઉપયોગીતા છે પોતાના જ દોષો અને દુર્ગુણો
દ્વેષ હોય અને ગુણીજન પ્રતિ ગુણાનુરાગ હોય તેવો
ત્રીજે ભવે વીતરાગ બને-બીજાના ગુણો પ્રતિ
રાગ અવશ્ય હોય પણ બીજાના દોષો પ્રતિ દ્વેષ
ન હોય, રાગ અને દ્વેષને પ્રશસ્ત બનાવવા હોય
આવી તાત્વિક વિચારણા અવશ્ય કરી લેવાની છે.
પ્રશંસા ને પાત્ર છે તો નિર્ગુણી દયાને પાત્ર છે,
કે દ્વેષને પાત્ર છે. પોતાના દુર્ગુણો પ્રતિજ દ્વેષને
ાનો છે બીજા કોઈ પણ પ્રતિ નહીં ? આત્મિક
ી રક્ષા કરવી હોય તો અન્ય પુદ્ગલાદિ પર દ્રવ્યો
ી પ્રીત તોડીને તે પ્રીતને પરમાત્મા સાથે જોડી દેવી
એજ નિરૂપાધિક પ્રીતિ છે. તેવી પ્રીતિમાં આત્માને
પણ ગુમાવવાપણું નથી.

એટલે લોકો અંતે સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી થઈને
કુલ માર્ગથી ભ્રષ્ટ થતા જાય વ્યવહારનો અનંતીવાર
કશું હાથમાં આવ્યું નહીં આવું સંભળાવવામાં
ે એટલે વ્રત પચ્ચક્ખાણાદિ રૂપ વ્યવહાર છોડી દે
લે બીચારા પુન્યહીન જીવો બંન્ને બાજુથી ભ્રષ્ટ થઈ
ાં તેમની હાલત ધોબીના કુતરા જેવી થાય "ધોબીકા
ા ન ઘરકા ન ઘાટકા તેવી રીતે નિશ્ચય વ્યવહાર
નેથી ભ્રષ્ટ થયેલાં ન તો પુન્યાનુબંધી પુન્યના ભાગી
ને અને ન નિર્જરાના ભાગી બને અંતે અશુભમાં
ીને દુર્ગતિના અધિકારી બને માટે આત્માર્થી પુરુષોએ
રમાવ્યું છે કે,

> નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાનોય;
> નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.

નિશ્ચયની વાણી સાંભળીને સાધન તજવાના નથી.
પણ નિશ્ચયના લક્ષે સાધન કરતા રહેવાનું છે અને એમ
કરતાં કરતાંજ સાધ્યની સિદ્ધિ થશે. માર્ગના મર્મ સમ-
જાય જાય તેવી આ આત્મ સિદ્ધિમાં ગાથા મૂકાએલી છે
માટે નિશ્ચયનાં લક્ષે સદ્વ્યવહાર આચરવું એજ ધોરીમાર્ગ
અને રાજમાર્ગ છે.

સોપાધિક અને નિરુપાધિક પ્રીતિ વચ્ચેનું અંતર

મહાન યોગીરાજ આનંદઘનજી જેવા મહા પુરૂષે

પણ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનની કેટલી ઉપયોગિતા
સ્વીકારી છે અને સારૂ શબ્દોમાં કહ્યું છે કે પરમાત્મા
સાથેની પ્રીતિ એજ વાસ્તવિક પ્રીતિ છે અન્ય સાથેની
પ્રીતિ સોપાધિક છે કારણકે તેમાં મોટે ભાગે
સ્વાર્થની વાત પહેલી હોય છે સ્વાર્થ હોય
ત્યાં સુધી સ્નેહ દાખવે અને સ્વાર્થ સરી જાય એટલે
ક્ષણવારમાં છેહ આપીને ઉભા રહે એવી પ્રીતિ શા કામની.
અને તેવી સ્વાર્થની પ્રીતિમાં રાગદ્વેષ પોષાતા હોવાથી
તે આત્મિક ધનને લુંટાવનારી છે જ્યાં રાગદ્વેષ પોષાતા
હોય ત્યાં આત્માની પાયમાલી સિવાય બીજું શું હોય.
રાગદ્વેષ પણ પ્રશસ્ત ભાવે હોય તો સાધક દશામાં તેની
ઘણીજ ઉપયોગીતા છે પોતાના જ દોષો અને દુર્ગુણો
પ્રતિ દ્વેષ હોય અને ગુણીજન પ્રતિ ગુણાનુરાગ હોય તેવો
આત્મા ત્રીજે ભવે વીતરાગ બને-બીજાના ગુણો પ્રતિ
ગુણાનુરાગ અવશ્ય હોય પણ બીજાના દોષો પ્રતિ દ્વેષ
કદાપિ ન હોય, રાગ અને દ્વેષને પ્રશસ્ત બનાવવા હોય
તો આવી તાત્વિક વિચારણા અવશ્ય કરી લેવાની છે.
ગુણી પ્રશંસા ને પાત્ર છે તો નિર્ગુણી દયાને પાત્ર છે,
નહીં કે દ્વેષને પાત્ર છે. પોતાના દુર્ગુણો પ્રતિજ દ્વેષને
લાવવાનો છે બીજા કોઈ પણ પ્રતિ નહીં ? આત્મિક
ધનની રક્ષા કરવી હોય તો આ

સ્તવનની ચોથી ગાથામાં પૂ૦ આનંદઘનજી લખે છે કે

કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે
મળશું કંતને ધાય,
એ મેળો નવી કહીએ સંભવે રે,
મેળો ઠામ ન ઠાય.....ઋષભ જિનેશ્વર.....

પતિની પાછળ સતિ થવાથી ભવાંતરમાં પતિનો મેળાપ સંભવે નહી

પતિની પાછળ સતી થવાનો રીવાજ આ દેશમાં ઘણાં લાંબા સમયથી ચાલ્યો આવે છે પાછલાના જમાનામાં તો કાશીએ જઈને કરવત મુકાવવાની પરંપરા હતી. હિમાલયમાં જઈને શરીરને ગાળી નાંખવાની પણ પરંપરા હતી અથવા પર્વત પરથી પડતુ મૂકીને જીંદગીનો અંત કરી નાંખવામાં આવતું હતું. મૃત્યુને પામી ગએલા પતિની સાથે ચિત્તામાં બળી મરીને સતી થવાની પ્રથા તો આજે પણ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે—આવી રીતે જીંદગી ટુંકાવવાનો ધ્યેય એ હોય છે કે ભવાંતરમાં પોતાના પ્રીતમને જાણે ઝટ દોડીને મળી શકાય. મૃત્યુને પામેલા પોતાના પતિનો વિયોગ અસહ્ય થતાં તેની સાથે પુનઃ મિલન કરવાના ધ્યેયથી કેટલીક સ્ત્રીઓ કાષ્ટ ભક્ષણ કરે યાને ચિત્તામાં અગ્નિ પ્રવેશ કરે. પૂ૦ આનંદઘનજી લખે છે કે એ મેળો નવી કહીએ સંભવે રે—

જગતમાં આપનો કેટલો જસ ફેલાસે તો પછી આપ આવા સુજસના ભાગી કેમ બનતા નથી.

નાણ રયણ પામી એકાંતે
થઈ બેઠાં મેવાસી,
તે માહેલો એક અંશ જો આપો
તે વાતે શાબાશી...
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો-

કેવલજ્ઞાન રૂપી રત્નને પામીને આપ તો મુક્તિપુરીમાં જઈ બેઠા છો—પણ તેમાંનો એક અંશ પણ જો સેવક ને આપો તો અમે આપને મોટી શાબાશી આપીએ. હવે આત્માના જ્ઞાનાદિગુણો તો આત્મ સત્તામાંથી પોતાના પુરૂષાર્થના બળે જ પ્રગટાવવાના છે—તેમાં ત્રણ કાળમાં એ લેવડ દેવડ થઈ શકતી નથી છતા ભક્ત હૃદયી મહા પુરૂષોએ ભગવાનને ટેવા ઓલંભા આપ્યા છે તેવી રીતે આનંદ ઘનજીએ પણ સ્તવના કરવાના સમયે જાણે પોતાના હૃદયને વલોવી નાંખ્યું છે અને પરમાત્માની સાથે એકાકારતા સાધવા અથવા સ્વ આત્માનો પરમાત્માની સાથે વેધ સાધવા જાણે પરમાત્મ સ્વરૂપમાં એકાકાર બની ગયા છે. બાણાવલી જેમ નિશાન તાકીને કોઈ પણ વસ્તુનો લક્ષ્ય વેધ કરી નાંખે છે તેમ યોગીઓ પણ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની અભેદતા વડે અથવા એકાકારતારૂપી નિશાન તાકવા વડે પરમાત્મ સ્વરૂપનું પોતાના સ્વરૂપની સાથે સંધાન કરીને ઉપયોગની તીક્ષ્ણતા વડે લક્ષ્યવેધ કરી નાંખે

ક્તિભાવભર્યાં ઉદ્‌ગારોથી સ્તવના કરી છે. ઘણી જગ્યાંએ
ભક્તોએ ભગવાનને ઓલંભા પણ આપ્યાં છે કે નાથ!
એક સમયે સંસારીને વેષે આપણે ભેગા રમતા હતા
આજ તો આપ ત્રણ લોકની ઠકુરાઈને પામી ગયા અને
લોકાગ્રે બિરાજમાન થઈ ગયા જ્યારે અમે તો ચોરાશીનાં
ચક્કરમાં ભટકતાજ રહી ગયા, નાથ! હવે તો આપ
આપની જેવા જો હમને કરો તો પહેલાની પ્રીત સાંગો-
પાંગ પણે નિભાવી કહેવાશે.

મીઠા ઓળંભા અને સ્વરૂપની અભેદતા

પૂ૦ મોહન વિજયજી મહારાજે તો એવા મીઠાં
ઓલંભા આપ્યા છે કે આપણે એકવાર તાજુબ થઈ
જઈએ.

> "અક્ષય પદ દેતાં ભવિજનને
> સંકીર્ણતા નવ થાય,
> શિવપદ દેવા જો સમરથ છો
> તો જસ લેતાં શું જાય,
> હો પ્રભુજી ઓલંભડે મત ખીજો......

ઋષભદેવ ભગવાનના આ આખાએ સ્તવનમાં જાણે
મીઠાં ઓલંભાજ આપ્યા છે નાથ! કદાચ ભવિજનને
અક્ષયપદ આપી દેશો તો ત્યાં મોક્ષમાં ક્યાં સંકડાશ
પડવાની છે અને શિવપદ દેવામાં જો સમર્થ છો તો પછી
આપને જશ લેતા થાય છે શું–સેવકનો ઉદ્ધાર કરશો તો

જગતમાં આપનો કેટલો જસ ફેલાસે તો પછી આપ આવા સુજસના ભોગી કેમ બનતા નથી.

નાણ રયણ પામી એકાંતે
થઈ બેઠાં મેવાસી,
તે માહેલો એક અંશ જો આપો
તે વાતે શાબાશી...
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો-

કેવલજ્ઞાન રૂપી રત્નને પામીને આપ તો મુક્તિપુરીમાં જઈ બેઠા છો–પણ તેમાંનો એક અંશ પણ જો સેવક ને આપો તો અમે આપને મોટી શાબાશી આપીએ. હવે આત્માના જ્ઞાનાદિગુણો તો આત્મ સત્તામાંથી પોતાના પુરૂપાર્થના બળે જ પ્રગટાવવાના છે–તેમાં ત્રણ કાળમાં એ લેવડ દેવડ થઈ શકતી નથી છતા ભક્ત હૃદયી મહા પુરૂપોએ ભગવાનને કેવા ઓલંભા આપ્યા છે તેવી રીતે આનંદ ઘનજીએ પણ સ્તવના કરવાના સમયે જાણે પોતાના હૃદયને વલોવી નાંખ્યું છે અને પરમાત્માની સાથે એકાકારતા સાધવા અથવા સ્વ આત્માનો પરમાત્માની સાથે વેધ સાધવા જાણે પરમાત્મ સ્વરૂ [illegible] ર બની ગયા છે. બાણાવલી જેમ નિશાન [illegible] ુ વસ્તુનો લક્ષ્ય વેધ કરી નાંખે છે [illegible] ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની અભેદતા [illegible] રૂપી નિશા ત... [illegible] રઆત્મ [illegible] રૂપની સંધા [illegible] રવે

. યાને નિશ્ચય નયની દૃષ્ટિએ પોતાનો આત્મા પર
રમાત્મા છે એમ સમજીને સ્વરૂપની સાથે એકતા સાધે
ે છે. પરમાત્માની શુદ્ધ ચૈતન્ય માત્ર સાથે આત્મ
ચૈતન્ય માત્રનો મેળાપ થઈ ગયા પછી પરમેશ્વર રૂ
પતિને રીઝાવવા માટે બીજા કોઈ બાહ્ય કષ્ટો વેઠવાની
જરૂર રહેતી નથી.

એકલા બાહ્યકષ્ટ વડે સાંઈ ન રીઝે

એકલા બાહ્ય કષ્ટો વેઠવા એ તો એક પ્રકારનું અજ્ઞાન કષ્ટ છે તેવી રીતે કષ્ટ વેઠવાથી સાંઈ રીઝે નહી. સાઠ હજાર વર્ષનાં તામલી તાપસના તપને જ્ઞાનીઓએ ગણત્રીમાં ન લીધું અને તેવા તેના દુષ્કર તપને કાય કલેશ રૂપ કહ્યું તો પછી બીજા સામાન્ય તપશ્ચરણની તો વાત ક્યાં રહી! આવા દુષ્કર તપવડે પણ તે જીવ તેજ ભવે મોક્ષને પામી શક્યો નહીં તો પછી ગમે તેટલુ અજ્ઞાન તપ કરવામાં આવે તેવા અજ્ઞાન કષ્ટથી ત્રણ કાળમાંએ સાંઈ ક્યાં રીઝે તેમ છે. રેવતી શ્રાવિકા અને સુલસાની જેમ અંતરની પ્રેમ લક્ષણા ભક્તિ હોય તો સાંઈ રીઝી શકે, ભગવાન કેવા તેમનાં અંતરમાં વસી ગયા હતા બસ આને લક્ષ્યવેધ કહેવામાં આવે છે. અંતરથી હૃદય ન વીંધાય ત્યાં સુધી અંતરમાં ભક્તિરસ છલકાય ક્યાંથી–રામબાણ જેવા વચનો સાંભળવાં છતાં અંતરથી હૃદય વીંધાતુ નથી, રાગ-દ્વેષની ગ્રંથીનો ભેદ થાય ત્યારે જ હૃદય વીંધાય

સુલસા અને રેવતીના હૃદયમાં ભગવાન એવા વસી ગયા કે બન્નેને તીર્થંકર ગોત્રનો બંધ પડી ગયો અને આવતી ચોવીશીમાં બન્ને તીર્થંકર થવાના, ચંપાપૂરીથી ભગવાન મહાવીરે સુલસા સતિ પર અંગડ પરિવ્રાજકની મારફત ધર્મલાભનો સંદેશો પાઠવ્યો–કહો આ મહા શ્રાવિકાઓએ સાંઈને કેવા રીઝવ્યા કહેવાય હવે સમજી લો કે સાંઈ કેમ રીઝે.

સિંહ અણગારની અપૂર્વ પ્રેમલક્ષણા ભક્તિ

ગોશાલાએ ભગવાન પર તેજોલેશ્યા મૂકેલી એટલે છ મહીનાથી ભગવાનને શરીરમાં કષ્ટ રહ્યા કરતું હતું ભગવાન ઔષધિનું સેવન કરતા નહોતા એટલે ભગવાનનાં શિષ્ય સિંહ અણગાર જે જંગલમાં આતાપના લઈ રહ્યા હતા, ભગવાન દવા લેતા નથી તેમાં સિંહ અણગાર રુદન કરે છે ભગવાન પ્રતિની શ્રદ્ધા અને ભક્તિને લીધે તેમને હૃદયમાં એટલું બધું દુઃખ રહ્યા કરે છે કે ભગવાન દવા લેતા નથી અને છ મહીનાથી ભગવાનને ટટ્ટીમાં લોહી અને પરુ વહે જાય છે. ભગવંત વીતરાગ હોવાથી તેમને પોતાના શરીર પ્રતિ લવલેશ સ્પૃહા નથી પણ આપણા સૌ માટે તેમની જિંદગી મહાન કિંમતી છે. માટે ભગવંતે ઔષધિનું સેવન કરવું જોઈએ સિંહ અણગારની અપૂર્વ ભક્તિ અને અપૂર્વ સમર્પણ ભાવ જોઈને ભગવાન મહાવીર તેમને આજ્ઞા

[illegible]
વહોરી લાવો! રેવતી શ્રાવિકાએ પોતાના માટે બીજોરા-
પાક બનાવેલો છે તે વહોરી લાવો. રેવતી શ્રાવિકાએ
કોળાપાક મારા નિમિત્તે બનાવેલો છે તે નહીં વહોરતા
બીજોરાપાક વહોરી લેજો. તે પાક તેણીએ પોતાના નિમિત્તે
બનાવેલો છે અને સિંહ અણગાર રેવતી શ્રાવિકાને ત્યાં
પહોંચ્યા અને બીજોરાપાક વહોરી લાવ્યા. તેના સેવનથી
૬ મહિનાના વ્યાધિનો અંત આવી ગયો અને ભગવંતનું
પુન્ય શરીર વ્યાબાધા રહીત નિરાબાધ થઈ ગયું આવી
અંતરની શ્રદ્ધા અને ભક્તિથી સાંઈ રીઝે, જો કે આ
રીઝે એ શબ્દ પણ ઔપચારિકજ છે પરમાત્મા તો
સંપૂર્ણ વીતરાગ છે. તેમની ભક્તિથી આપણો આત્મા
અંતરથી રીઝે એટલે આત્મિક દ્રષ્ટિએ ઘણો મોટો લાભ
છે પરમાત્મા સર્વજ્ઞ સર્વદર્શી અને પૂર્ણતાએ પહોંચેલા
છે. તેઓતો અનંતજ્ઞાન અને અનંત દર્શનને પામીને
કૃતકૃત્ય થએલા છે. પૂજા અને અર્ચાથી તેમને કશો લાભ
થતો નથી. પરંતુ તેમની પૂજા અર્ચા અને સ્તવનાના
આલંબને આપણા પોતાના મન પરિણામ જે સુવિશુદ્ધ
થાય છે અને અધ્યવસાયોમાં જે શુદ્ધતા પ્રગટે છે તે
આપણા આત્મા માટે અપૂર્વ લાભનું કારણ બને છે.
અને તેવા અપૂર્વ લાભ માટેજ આપણે પરમાત્માની
દ્રવ્ય અને ભાવથી પૂજા ઉપાસના કરીએ છીએ.

કોઈ કહે લીલારે અલખ અલખ તણીરે
લખ પૂરે મન આશ,
દોષ રહીતને લીલા નવી ઘટે રે
લીલા દોષ વીલાસ......ઋષભ જિનેશ્વર

ઈશ્વર સૃષ્ટિના સર્જનહાર નહીં પણ મોક્ષ માર્ગના પ્રવર્તાવનાર છે

કેટલાક ઈશ્વર કર્તૃત્વવાદીઓ કહે છે કે આ સૃષ્ટિનું સર્જન ભગવાને કરેલું છે ગાથામાં અલખ અલખ એ શબ્દનો બે વાર પ્રયોગ થયો છે તેમાં એકવારના અલખ શબ્દનો અર્થ પરમેશ્વર થાય અને બીજીવાર અલખ શબ્દનો અર્થ ન લખી શકાય યાને ન કહી શકાય તેવો થાય. આ જગત એટલે પરમેશ્વરની ન કળી શકાય તેવી લીલા છે. આ પરમેશ્વરની લીલા સામાન્ય મનુષ્યોથી જાણી શકાય તેવી નથી, પરમેશ્વર મનુષ્યોની લાખો આશાઓ અને ઈચ્છાઓ પૂરી કરે છે. આ રીતની ઈશ્વર અંગેની માન્યતા ધરાવનારા આ આર્યાવર્તમાં ઘણા છે. તેઓ ઈશ્વરનેજ કર્તા હર્તા માને છે.

"હે ? ઈશ્વર તું એક છો તે સર્જ્યો સંસાર" આ રીતની તેમની માન્યતા હોય છે વાતવાતમાં તેઓ બોલી નાંખતા હોય છે. કે ઈશ્વરેચ્છા બલીયસી. ઈશ્વરેચ્છા બલવાન છે અરે ? ભલા ભાઈ જ્યાં સુધી જીવમાં ઈચ્છા અને તૃષ્ણા હોય ત્યાં સુધી જીવ ઈશ્વર બની શકે ખરો !

સંપૂર્ણપણે ઇચ્છાઓનો નાશ થાય ત્યારેજ
માત્મા બને છે આતો વાતવાતમાં બોલે કે
ખરૂં ? કેટલાકો મૃત્યુના પ્રસંગે મેલુ લખે ત
કે અમારા ચિરંજીવી ભર જુવાનવયે ઓચિંતા
પામ્યા છે બનાવ ઘણોજ અઘટીત બન્યો
ગતિ ન્યારી છે, શું થાય ઈશ્વરને ગમ્યું
અરે ? બાપુ તારો, જુવાન દીકરો કાળ કરી જ
ઇશ્વરને ગમતી વાત છે, ઇશ્વર તો પરમ દયાળુ
જીવ માત્રનો ઉદ્ધાર કરનારા અને સાચો રાહ બ
છે, કેટલાક જૈનો પણ આવું લખી નાંખતા હો
બીજાની તો વાત ક્યાં કરવાની રહી. કાળીયાન
ધોળીયો બંધાય એટલે વાન ન આવે પણ શાન
આવે. ઈશ્વરને કર્તા માનનારાની જોડે જૈનો રહે
એટલે તેમનામાં પણ અમુક લક્ષણો તો આવીજ
પણ તે ઇશ્વરના સ્વરૂપનું અજ્ઞાન સુચવનારું છે
દર્શનનાં મહાન અભ્યાસી પૂ૦ આનંદઘનજી
છે કે,

દોષ રહીતને લીલા નવી ઘટે રે
લીલા દોષ વિલાસ,

જે રાગદ્વેષ મોહ ક્રોધ માન માયા લોભ
દોષોથી રહીત હોય તે

પરમાત્મા જ્યાં બધા દોષોથી સંપૂર્ણપણે મુક્ત
ા છે. તેમનામાં દોષોના વિલાસરૂપ લીલા ઘટી શકે
હી- સંસાર અનાદિથી છે જીવ પણ અનાદિથી
અને જીવની સાથે કર્મનો યોગ પણ અનાદિથી છે.
તે અનાદિ સંસારનું કારણ જીવના પોતાના કર્મો
જેમ વૃક્ષનું કારણ બીજ છે તેમ અનાદિ સંસારનું
કર્મ છે. કર્મનો કર્તા ભોક્તા જીવ પોતે છે કર્મનો
ભોક્તા જીવ હોવાથી જીવ પોતે સંસારમાં પરિ-
ણ કરનારો છે એટલુંજ નહીં કર્મોના બંધનો
ને મોક્ષપદને પામનારો પણ જીવ પોતે છે. આ
ની પુષ્ટિમાં પૂ૦ આચાર્ય ભગવંત હરિભદ્રસૂરી
રાજાએ ફરમાવ્યું છે કે.

यः कर्ता कर्म भेदानाम् भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाताच सही आत्मा नान्यलक्षणः ॥

જે કર્મોના ભેદોનો કર્તા છે અને કર્મ ફળનો જે
તા છે જે કર્મના યોગે સંસારમાં પરિભ્રમણ કરનારો
એટલુંજ નહીં કર્મોના બંધનને છેદીને જે મોક્ષપદને
મનારો છે તેજ ઉપયોગના લક્ષણવાળો આત્મા છે તે
વાય અન્ય કોઈ લક્ષણવાળો આત્મા નથી. માટે જીવના
તાના કર્મે સર્જએલો સંસાર છે ઇશ્વરતો સંપૂર્ણ
તરાગ હોઈ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત બનેલા છે
ાનો જેમનામાં એક અંશ પણ રહ્યો નથી અને કષા-

થનો જેમનામાં એક કણ પણ રહ્યો નથી.
અને તૃષ્ણા પર જેમનો સંપૂર્ણ વિજય થ
તેવા મહાપુરુષોમાં કર્તૃત્વ પણ ઘટે શી રીતે
ત્વપણું તેમનામાં અવશ્ય ઘટી શકે કારણકે
ભાવોને તેઓ સંપૂર્ણપણે જાણનારા અને
માટે ઈશ્વર મોક્ષમાર્ગના પ્રવર્તક જરૂર છે
પ્રવર્તાવનારા જરૂર છે પણ સૃષ્ટિના સર્જનહ
સાચો રસ્તો બતાવનારા જરૂર છે પણ બનાવ
અનંત કરુણાના સાગર પરમેશ્વરે ભૂલા પડેલ
જીવોને સાચો રાહ બતાવ્યો તેજ સમગ્ર સ
તેમનો અનંત ઉપકાર છે સામાન્ય અટવી પા
રસ્તો બતાવનારનો પણ મહાન ઉપકાર માનવ
છે તો ભવ અટવી પાર કરી જવાનો જેમ
બતાવ્યો તે મહાપુરૂષનો ઉપકાર કયા શબ્દોમાં
શકાય. તેમનાં અનંત ઉપકારોને હૃદયમાં રાખન
દેવાધિદેવ અરિહંત પરમાત્માને સમર્પિત થય
રહે નહીં તેમના ચરણે પોતાનું સર્વસ્વ ધરી
તે પોતાનો ઉદ્ધાર સમજે ! દેવાધિદેવ અરિહંત પ
પોતે કૃતકૃત્ય હોવા છતાં જગતના જીવોનાં કલ્ય
ઉત્તમ એવા ધર્મનો અને મોક્ષમાર્ગનો ઉપદેશ
માટે શાસ્ત્રકાર મહાપુરૂષોએ તેમને ઉત્તમોત્તમ
ધર્મ તીર્થની સ્થાપનાએ દેવાધિદેવ અરિહંતોનો
વિશ્વપર અનંત ઉપકાર છે

હસ્તગત કરી નથી તેનાથી જીવનમાં અનેક
ઓ ઉભી થાય છે–સુખ દુઃખ બન્નેને કર્મફળ
સુખ દુ.ખ બન્નેમાં સમભાવે રહેવું દુઃખ આવી
શોક ન કરવો અને સુખ આવી મળે તો હર્ષ
નાવવો બન્નેમા મનની સમાધિ ટકાવી રાખવી.
જીવવાની સાચી કળા આ છે.

ખરા ઉત્તર સાધકો

વેપાર વાણીજ્યની કળામાં Expert (એક્ષપર્ટ)
બનેલા હોય પણ ધર્મકળાનો જો અભ્યાસ ન
તે બધી કળાઓ એવી કે કયારે ગરીબોના
પતો થઈ જશે તે કલ્પી શકાતું નથી. કર્મ-
અધ્યયનથી જીવનમાં એવી સમ્યગ્ દષ્ટિ પ્રગટે છે
તેવા પોતાની માથે દુઃખો પડવા છતાં તે દુઃખોને
જ કરણીનું ફળ જાણીને જીવ સમભાવે સહી
ને ભવોભવના કર્મોની થોકબંધ નિર્જરા સાધી
પરા ઉપરી દુઃખો પડે તેને સમ્યગ્ દષ્ટિ જીવ
ર્જરાનો અપૂર્વ અવસર સમજે દુઃખમાં નિમિત્ત
પ્રતિ એ મનમાં લવલેશ પણ વિપરિત ભાવ ન
કે તેવાને ઉપકારી લેખે અને વિચારણા એવી
કરે કે આ તો મને નિર્જરાના માર્ગમાં સહાયતા
રહ્યો છે માટે હું જે સાધના કરી રહ્યો છું.
રા ઉત્તર સાધકો આ છે દુઃખના પ્રસંગે કર્મોદયનો

નિર્જરા ઓછી નથી કહી બલ્કે બાહ્ય કરતા પણ અભ્યંતરમાં નિર્જરા વિશેષ કહી છે માટે માર્ગને અનુસરતી રીતે જેનામાં જે કોઇ ગુણો પ્રગટેલા હોય તેની પણ ભૂરી ભૂરી અનુમોદના કરવી જોઈએ.

પોતે અનંત ગુણી હોવા છતા અન્ય જીવમાં પ્રગટેલા એકાદ ગુણની પણ અપૂર્વ અનુમોદના

તેરમે ગુણઠાણે બીરાજેલા તીર્થંકર જેવા મહાપુરુષોએ પહેલે ગુણઠાણે રહેલા જીવોના પણ અનુકંપા સરલતા ભદ્રિકતા આદિ ગુણોને ગણત્રીમાં લીધા છે. ભગવાન મહાવીર કે જેમનામાં અનંત કેવલજ્ઞાનાદિ ગુણો પ્રગટેલા હતા અને ગોશાલામાં કેટલાએ અવગુણો પ્રગટેલા હતા. છતાં છેલ્લે મૃત્યુના સમયે ગોશાલાને પશ્ચાતાપ થયો અને ભગવાન મહાવીરની જે તેણે આશાતના કરી હતી તે બદલ તેને મનમાં અત્યંત પરિતાપ પેદા થયો ત્યાં ભગવાને સમવસરણમાં ફરમાવ્યું કે ગોશાલો ગમે તેવો હતો પણ છેલ્લે મૃત્યુના સમયે પામી ગયો અને જીંદગીનો છેડો સુધારી લીધો ભલે અસંખ્ય ભવ ભમસે પણ અંતે મોક્ષગામી બનસે.

એક રાતમાં ૬૦ જોજન ચાલીને ભગવાન મુનિસુવ્રત સ્વામિ પેઠણ ગામથી ભરૂચ નગરે અશ્વને પ્રતિબોધ કરવા પધાર્યા અશ્વને પ્રતિબોધ થયો અને સમકિત પામી ગયો

તત્વાહિતા

ા શેઠ કોણ છે ત્યાં ત્યાં દરેક જગ્યાએ શ્રીપ
મારા વડીલ છે અને મારા માટે પિતા
રીતની ઓળખાણ આપી છે અને પોતાની
ઘોર અપકાર કરનારા ધવલશેઠ પર એટ
શ્રીપાલજીએ ઉપકારો કર્યા છે કે જ્યારે શ્રીપાલ
કે રાસમાં એ પ્રસંગો આપણે વાંચતા હોય
આપણા રોમ રોમ ખડા થઇ જાય એટલા
ઉપકારો અપકારીમાં અપકારી કહેવાતા
શ્રીપાલજીએ કર્યા છે, ક્યાં શ્રીપાલજીની શુ
ક્યાં ધવલ શેઠની કૃષ્ણલેશ્યા બંન્ને વચ્ચે
રાત્રિ જેટલું અંતર છતાં ધવલ શેઠ પ્રતિ
જે મૈત્રી ભાવ દર્શાવ્યો છે તેનો વિશ્વન
જોટો નકા ... શ્રીપાલજીએ જ્યારે પુન
રાજ મેળવ્યું અને શ્રીપાલજીનો ચંપ
રાજ્યાભિષેક થયો છે ત્યારે ધવલ શેઠ
શેઠને કૌશાંબી નગરીથી બોલાવીને ચં
શેઠ પદે સ્થાપ્યા છે. હવે જુઓ શ્રી
લેશ્યા લવ લેશ મનમાં વેર ભાવ રા
આજના જીવો તો એવા છે કે ગણી
અને હૃદયમાં વેર ભાવની ગાંઠને એ
... જ નહીં અને

માષ્તુષ ને માતુષ આટલા શબ્દો પા
રાખી શકનારા તદ્ભવ મુક્તિ ગામી બન્યા
શ્રુતનો પાર પામી ગએલા ચૌદપૂર્વધર જે
નિગોદે ગયા છે–આવા શાસ્ત્રોમાં આવતા
શું સૂચિત થાય છે તે મુમુક્ષુઓએ સમજ
છે–શ્રુતનો કે તપનો પણ મદ કરવાથી હૃદય
રનો ઉન્માદ જ પોષાવવાનો છે–હૃદયમ
આવવાનો નથી. કોઈના અલ્પ પણ ગુણન
કરીએ તો જ હૃદયમાં આહ્લાદ આવવાનો
કહો કે ચિત્તની પ્રસન્નતા કહો એકની એક
દુષ્કર તપ ત્યાગાદિ કરતા હોય તો તેમન
હૃદયની સંપૂર્ણ પ્રસન્નતા હોવી જોઈએ
દુષ્કર તપ ત્યાગની ભૂરી ભૂરી અનુમોદના ક
જૈનદર્શનનો આજ લોકોત્તર વ્યવહાર છે.

અંદરની ગાંઠને ઢીલી કરો પણ મજ

જિનપૂજાદિ અનુષ્ઠાનોનું ચિત્તની પ્રસ
વાસ્તવિક ફળ શ્રીપાલજીએ મેળવ્યું હતું.
શ્રીપાલજીને કષ્ટ આપવામાં કોઈ મણા નહોત
રૂપમાં પાડવાના અનેક ઉપાયો ધવલ શે
ઉપર છતા શ્રીપાલજીએ મનથી પણ ધવલ શેઠનું
[illegible] નથી [illegible]

નહીં. એ માટે જ મનમાં અનહદ આ કાર્ય થાય છે.
પણ શોધાતત્ત્વના જેવી શુદ્ધ પ્રસન્નતા અને હૃદયની
વિશાળતા લાવવી જોઈએ. ભગવાનની આજ્ઞાપાલનરૂપ જિનની
પ્રસન્નતારૂપ ચારિત્ર છે. શોધાતત્ત્વે અરિહંતપદનું
ગૌરવ્યું હતું, અને જગમાં ભાવે પૂજક ચિત્તવારૂપ
ચારિત્રરૂપ પણ એમનું જિનેન્દ્ર થઈ રહેલું છે. જિનની
પ્રસન્નતારૂપ ચારિત્ર કેમ અખંડ રહે કે જે પોતાની
આત્મીયરૂપ ચારિત્ર છે. પરંતુ છે માટે યોગીશ્વર આનંદ
ઘનજીએ ભગવંતની ઉત્તમ આત્મામાં અનુસંધાન કરેલો છે
કે આપ આપણા હૃદયમાં રહેલ ભાવ તો આપીએ, શ્રી
જિનમૂર્તિ અનુભવોના જિનની પ્રસન્નતારૂપ પારમાર્થિક
કૃપા પામી અંતરમાં પોતાના હૃદયને પામી શકીએ.

સાચી સમર્પણા

"કપટ રહિત થઈ આતમ અર્પણે"

ભગવાની ઉત્તમ આ કડીમાં અંતર્યામીનો ભાવ
વ્યક્ત કર્યો છે. કપટ રહિત આત્માએ પરમાત્મા પ્રતિ
સમર્પણ ભાવ કેળવવો જોઈએ. બાહ્ય ભૌતિક જેવા બાહ્ય
પદાર્થોની અર્પણા કરતાં સ્વ આત્માની અર્પણા ઘણી
મહાન છે. બાહ્ય પદાર્થોનું ગમે તેટલું મૂલ્ય હોય પણ
આત્મિક તે મૂલ્યવાન છે. જ્યારે આત્મા ચૈતન્ય રત્ન
હોવાથી અમૂલ્ય ગણાય છે. માટે અમૂલ્ય છે, નિષ્કપટ
આત્મારૂપની અર્પણા એજ સાચી અર્પણા છે. પરમા-

રાખવાનો નહીં. અરે ભાઇ! રાગ દ્વેષની ગાંઠ
સમગ્રે તેને તું મજબૂત કરી રહ્યો છે જે કોઇ
વેર બંધાયો હોય છેલ્લે મૃત્યુના સમયે પણ
ખમાવી લેવા જોઈએ-તેઓ દેશાન્તરે રહેત
પત્ર વ્યવહારથી ખમાવી લેવા જોઈએ છેવટે પે
ત્રોને કહી રાખવું જોઈએ કે ફલાણા સાથે
દુઃખ થએલું છે. તેઓ દેશમાં આવે ત્યારે મારા
ખમાવી લેજે અને મારા તરફથી સંદેશો
મરતા મરતા પણ મારા પિતાજી તમોને
દુઃકડં આપી ગયા છે આ ખરી અંતિમ
કહેવાય આવા જીવો સદ્‌ગતિએ જાય બાકી
મનમાં ગાંઠ રાખનારા અને મનમાં આંટ રાખન
અવગતિયાજ થવાના.

અનંતર અને પરંપર

શ્રીપાલશ્રીએ હૃદયની કેટલી વિશાળતા રા
પોતાની પર જુલ્મો ગુજારનારા ધવલશેઠના પુત્રને
નગરીનાં નગરશેઠ પદે સ્થાપ્યો. જ્યારે આ
મનુષ્યો તો તરત સંભળાવી દે કે "તેં અમારુ
બગાડયું નથી પણ તારા બાપના બાપે બગાડયું છે
હવે તને નહીં છોડીએ બરોબર
ભાઇ!

તે પંથને એકીટસે નિહાળી રહ્યો છે. કારણકે મુમુક્ષુને પહેલા માર્ગ નક્કી કરી લેવો છે. અને પછી એ માર્ગે મંગલ પ્રસ્થાન કરવું છે જેથી પરંપરાએ મોક્ષને પામી શકે.

અંદરના શત્રુઓથી જિતાએલાનું પુરુષનામ કશા કામનું નહીં

અજિતનાથ ભગવાનનું જેવું અજિત નામ છે તે સાર્થક નામ છે. અંદરના રાગદ્વેષાદિ કોઈ શત્રુઓથી તેઓ જીતાયા નથી માટે અજિત નામ સાર્થક છે. અને આત્માના અનંતજ્ઞાન દર્શનાદિ ગુણના ધામ છે માટે પૂ૦ આનંદઘનજીએ સ્તવનની પહેલી ગાથામાં ફરમાવ્યું કે,

"અજિત અજિત ગુણ ધામ"
જે તેં જીત્યાંરે તેણે હું જીતિયોરે,
પુરુષ કિસ્યું મુજ નામ

નાથ! મોક્ષના માર્ગે ચાલીને આપે મોક્ષનું અનંત સુખ પ્રાપ્ત કરી લીધું. એકાંતિક આત્યંતિક શાશ્વત એવું સંપૂર્ણ સુખ અજિતનાથ ભગવંતે પ્રાપ્ત કર્યું. તેવું સુખ પ્રાપ્ત કરવાની પ્રત્યેક મુમુક્ષુ ભાવના રાખે પણ તેવું સુખ આઠ કર્મો અને અંદરના રાગ દ્વેષાદિ શત્રુઓને જીત્યા સિવાય પ્રાપ્ત કરી શકાતું નથી યોગીરાજ આનંદઘનજી ફરમાવે છે કે નાથ! આપે જે જે અંદરના અભ્યંતર રાગદ્વેષાદિ અને કામ ક્રોધાદિ

આપણે ઉપર લખી આવ્યા. વળી પણ ઉત્તરાધ્યય-
સૂત્રના તેવીસમાં અધ્યાયમાં ફરમાવ્યું છે કે,

एगप्पा अजिए सत्तु कपाया इन्द्रियाणीय ।
तेजिणित्तु जहानायं, विहरामि अहंमुणी ॥

નહીં જીતાએલો એવો પોતાનો આત્માજ પોતા
શત્રુ છે તેના કારણે ચાર કષાય અને પાંચ ઇન્દ્રિ
પણ શત્રુનુંજ કામ કરે છે તે બધાને જીતી લેનાર મો
માર્ગમાં સમાધિ પૂર્વક વિચરણ કરી શકે છે.

"જે તેં જીત્યારે તેણે હું જીતીયો રે"—
આનંદઘનજીએ સ્તવનમાં મૂકેલી આ ગાથાનો (
ઉત્તરાધ્યયન સૂત્રની ઉપરોકત ગાથા સાથે ઘણે ર
પણ મળતો આવે છે. જ્યાં આત્મા પોતે નિરંકુશ બ
હોય ત્યાં ઇન્દ્રિયો અને કષાયો પર આત્માનો
ક્યાંથી રહેવાનો છે. એટલે તો યોગશાસ્ત્રમાં પૂ૦
ચંદ્રાચાર્યજીએ ફરમાવ્યું છે કે,

अयमात्मैव संसारः कपायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीपिणः ॥

આ આત્મા એજ સંસાર છે અને આત્મા
મોક્ષ છે શિષ્યને શંકા થાય છે કે આ કઈ રીતે ઘટી
પ્રત્યુત્તરમાં ગુરૂ ભગવંત ફરમાવે છે કે કષાય અને
[illegible] અને

—જે નયણથી (ચક્ષુથી) માર્ગ જોવાનો છે તે દિવ્ય વિચાર જ્ઞાન ચક્ષુ વડેજ જોઈ શકાય છે.

આગમચક્ષુ, ચર્મચક્ષુ, અવધિચક્ષુ અને દિવ્યચક્ષુ ચાર પ્રકાર ચક્ષુના કહ્યા છે લગભગ એકાદ પ્રકાર વાય બાકીના બધા પ્રકારો આ સ્તવનમાં આનંદઘનજી ઘટાવ્યા છે. પ્રવચન સાર ગ્રંથમાં દિગંબર સંપ્રદાયના કાન આચાર્ય કુંદકુંદાચાર્યજી આ ચાર પ્રકાર અંગે માવે છે,

आगमचक्खु साहू, इन्द्रियचक्खुणि सव्वभूदाणि ।
देवाय ओहिचक्खु, सिद्धापुण सव्वदोचक्खु ॥

ચક્ષુના ચાર પ્રકાર

સાધુ પુરુષોને આગમ ચક્ષુવાળા કહ્યા છે. સર્વ ાણી માત્રને ચર્મ ચક્ષુવાળા કહ્યા છે દેવો અવધિ ચક્ષુ ળા હોય છે અને સિદ્ધ ભગવંતો દિવ્ય ચક્ષુવાળા હોય કેવલજ્ઞાન રૂપી દિવ્ય નયણતો આ કાળે છે નહીં આ તવનની પાંચમી ગાથામાં પૂ૦ આનંદઘનજી ફરમાવસે આ કાળે દિવ્ય ચક્ષુનો વિરહ પડયો છે છતાં સદ્ ‌ચાર અને સતસંગના યોગે અંદરના વિવેકરૂપી ક્ષુ ખુલી જાય તે પણ આંશિક દિવ્ય ચક્ષુ કહી શકાય, વા નયણવડે માર્ગનું અવલોકન કરવું તેજ દિવ્ય ચક્ષુ કહી શકાય એટલા બહારના ચામડાના ચક્ષુથી

હાલતમાં હોય છતાં બહારના અન્ય તિર્થિકો તેનો પરાભવ કરી શકતા નથી પણ અંદરના મતભેદરૂપી કિડાઓ તેને કોરી ખાય છે.

મહાપુરુષો વચ્ચેના મતભેદોથી સામાન્ય મનુષ્યોની મતિ મૂંઝાઈ જાય છે તેઓ એટલા બધા જ્ઞાનના માર્ગમાં ઉંડા ઉતરેલા હોતા નથી. એટલે પછી મનમાં લોમ વિલોમ થયાજ કરે એટલા માટે તેવાઓના મનમાં મહાપુરુષોએ પણ બુદ્ધિ ભેદ નહીં ઉત્પન્ન કરવો જોઈએ. અને જ્ઞાની પુરુષોએ પરસ્પર સમ્યગ્ વિચારણા કરીને શાસ્ત્રોના પાઠોની નિઃખાલસપણે આપલે કરીને એક વાતને ગાંઠે બાંધી લેવી જોઈએ. જેથી આરાધનાના માર્ગમાં એ નિઃશંક બની જાય. રાગદ્વેષ અને કષાયો વગેરે એ માર્ગ જેમ તેનો સારો હોય તો પણ તે સમ્યગ માર્ગ નહીં. આખિર તો ઉપશમ એજ સમગ્ર પ્રવચનનો સાર છે અને એટલા માટે ઉપશમે તેનેજ ભગવાને આરાધન કહ્યું છે અને જેમ તેનું દુષ્કર તપ કરતા છતાં જે આત્માને ઉપશમાવે નહીં તો ભગવાને આરાધના નથી કહી, બલ્કે વિરાધના કહી છે. આટલી વ્યાખ્યામાં માર્ગનો સાર છે અને આ વ્યાખ્યા બારમા સૂત્રમાં પૂજ્ય ભદ્રબા [illegible] [illegible] કરેલી છે.

ઉપશાંતનેજ ગુણ પ્રાપ્તી

ભગવાન ઉમાસ્વાતિએ પણ પ્રશમરતિ સૂત્રમાં આજ વાતની પુષ્ટિમાં અલૌકિક વ્યાખ્યા કરી છે.

सम्यग्दृष्टिर्ज्ञानी ध्यानतपोबलयुतोऽप्यनुपशांत ।
तं लभते न गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ॥

ભલે સમ્યગ્ દૃષ્ટિ હોય, મહાજ્ઞાની અને ધ્યાની હોવાની સાથે તપોબળથી યુક્ત હોય છતાં તેવો જ્ઞાની ધ્યાની અને તપસ્વી જો અનુપશાંત હોય તો તે ગુણને એ જ્ઞાની ધ્યાની અને તપસ્વી પામી શકતો નથી જે ગુણને ઉપશાંત પામી શકે છે. કારણ કે ઉપશમ ભાવમાં આવેલા જીવમાંજ સમ્યકૃત્વાદિ ગુણો પ્રગટે છે અને કષાયના ઉદયથી જીવ જેવો ઉપશમ ભાવથી ચ્યુત થઈ અનુપશાંત બને છે ત્યાં પ્રગટેલા ગુણો પણ ચાલ્યા જાય છે. વૈરાગ્ય અને ઉપશમ એ તો જિન શાસનનાં પાયામાં પુરાએલી ચીજ છે. અર્થાત સમગ્ર જિન શાસનનો સાર છે. તેમ કહીએ તો પણ ચાલે હવે આપણામાં જે જે મતભેદો ઉભા થયા છે તેના કારણે શ્રી સંઘમાં ઉપશમાદિ ગુણોની વૃદ્ધી થઈ છે કે પછી ઉલ્ટા રાગ દ્વેષ વધ્યા છે તેનો વિચાર સુજ્ઞજનો સ્વયમેવ કરી લે ! રાગદ્વેષ વેરઝેર મનમાં રાખીને ગમે તેટલી અને ગમે તે રીતે આરાધના કરો તે આરાધના નહીં પણ વિરાધનાજ કહેવાસે.

અંધો અંધ પુલાય કો કહીનં માર્ગ ...

પૂ૦ આનંદઘનજીના સમય ... વર્ષો ...
પહેલાંનો છે તે સમયમાં પણ મત મતાંતરો ઘણા ...
એટલે આનંદઘનજીને લખવું પડ્યું કે,

"પુરુષ પરંપર અનુભવ જોવતાં રે
અંધો અંધ પુલાય"

પુરુષ પરંપરાની રીતે માર્ગનો વિચાર કરવ
આવે તો પણ માર્ગનો નિરધાર થઈ શકતો નથી. "અં
અંધ પુલાય" યાને એક અંધની પાછળ બીજો અં
ચાલ્યા જતા હોય તેમાં ક્યાંથી માર્ગ હાથમાં
એક દેખતો હોય અને તેની પાછળ એક હજાર
મનુષ્યો ચાલતા હોય તો જરૂર પાર ઉતરી જાય
એક અંધની પાછળ હજારો અંધ ચાલ્યા જતા
તો ક્યાંથી પાર ઉતરવાના! દેખનારોજ દોરનારો
વાય જ્યારે અંધ તો ઉંડી ખીણમાં અથવા કોઈ
કૂપમાં પાડનારો કહેવાય જો કે આપણી જૈન શા
પુરુષ પરંપરા ઘણી મહાન છે જે પરંપરામાં ત
જેવા મહા પુરુષો ગણધર જેવા મહાપુરુષો થયા
પરા શું સામાન્ય પરંપરા કહેવાય ત્યારબાદ તેજ
પરષોની પરંપરામાં પૂ૦ ભદ્રબાહુ સ્વામિ સ્થૂલભદ્ર

ક્ષમાશ્રમણ હરિભદ્રાચાર્યજી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી જગચ્ચંદ્ર સૂરી મુનિસુંદર સૂરી હીરસૂરી જેવા મહા પુરુષો થયા એ કેવી મહાન પરંપરા કહેવાય એ તો મહાન દિવ્ય જ્ઞાની જેવા મહા પુરુષો હતા તો પછી આંધળાની પછવાડે આંધળા ચાલ્યા જાય તેવી અંધ પરંપરા તેને કેમ કહી શકાય ? પૂ૦ આનંદ ઘનજીએ " અંધો અંધ પુલાય " એવા શબ્દોનો પ્રયોગ કેમ કર્યો ? શું આનંદઘનજીને ઉપરોક્ત મહા પુરુષોની પરંપરામાં શ્રદ્ધા ન હતી ! તેનું સમાધાન એ રીતે સમજવાનું કે એ બધા મહા પુરુષોમાં આનંદઘનજીને સંપૂર્ણ શ્રદ્ધા હતી પરંતુ એમના સમયમાં જે અમુક વર્ષોથી પરંપરા ચાલતી હતી અને તેમાં સ્વમતાગ્રહી જે પુરુષો થયા હતા અને તેમના સમયે તેવા જે મતાગ્રહી અમુક પુરુષો હતા તેમને ઉદ્દેશીને આનંદઘનજીએ સ્તવનની ત્રીજી ગાથામાં આ રીતનો ઉલ્લેખ કર્યો છે જેમ અત્યારના વાતાવરણનો આપણે પણ વિવેચનમાં થોડો ઉડતો ઉલ્લેખ કરી ગયા તે રીતે લગભગ સમજવાનું છે.

તો ધરતી પર પગ પણ ન મૂકી શકાય

આગળ લખે છે કે

" વસ્તુ વિચારે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહીં ઠાય !

[illegible] આપણે આગમ શબ્દનો પ્રકાર બતાવી ગયા

તે પ્રકારને લક્ષમાં રાખીને લખે છે કે આગમની રીતે જો માર્ગની વિચારણા કરવામાં આવે તો ધરતી પર પગ પણ મૂકી શકાય તેવું નથી—શ્રી આચારાંગ અને દશવૈકાલિક વિગેરે આગમ સૂત્રોમાં જે સાધુપણાનો આચાર બતાવવામાં આવ્યો છે તે મુજબ આ કાળમાં કોણ વર્તી શકે તેમ છે. દશવૈકાલિકમાં લખ્યું છે કે एग भत्तं च भोयणं સાધુઓએ દિવસમાં એક વખતજ ભોજન કરવું જોઈએ આ કાળમાં તો સવારે નવકારશી બપોરના આહાર પાણી અને સાંજના ગોચરી આમ ત્રણ વાર ગોચરી વપરાય છે ત્યાં દશવૈકાલિકના વિધાન મુજબ વર્તવાનું મોટેભાગે રહ્યું છે કયાં! તેમજ વસ્ત્રો માટે પણ શ્રી આચારાંગ સૂત્રમાં આવે છે કે नोधोइज्जा नोरएज्जा વસ્ત્રો ધોવા નહીં અને રંગવા પણ નહીં જોકે આ વિભૂષાની—દૃષ્ટિએ નિષેધ કરાએલું છે. બાકી તો વસ્ત્રો બહુ મેલા થઈગયા હોય વસ્ત્રો પર ગંદગી બાઝી ગઈ હોય તો એવી સ્થિતિમાં શુદ્ધિ માટે વસ્ત્રો ધોવા પણ પડે છતાં વિધાનો ઘણા કડક કરાએલા છે અત્યારે તો આઠ દશ દિવસે અથવા મહિને પન્દર દિવસે વસ્ત્રોની શુદ્ધિ માટે કાપ કાઢવો પડે છે. સાધુઓને ઉતરવા માટે સ્મશાન શૂન્યગૃહ વૃક્ષ મૂળ વિગેરે સ્થાનો ઉત્તરાધ્યયનમાં લખાએલા છે તેનું પણ પાલન કરવા જેટલું આજે મનોબળ કયાં છે માટે લખે છે કે નાથ! આગમની રીતે વસ્તુ સ્વરૂપની અને સાધ્વાચારની વિચારણા કરવા જઈએ તો આપે બતાવેલા માર્ગમાં પગ મૂકવાનું પણ મારું સામર્થ્ય

નથી મોક્ષમાર્ગમાં આગળ વધવામાં મુમુક્ષુને જે જે મુશ્કેલીઓ જણાય છે તે તે ઉત્તરોત્તર જણાવે જાય છે.


તર્ક વિચારે રે વાદ પરંપરા રે
પાર ન પહોંચે કોય,
અભિમત વસ્તુ રે વસ્તુ ગતે કહે રે,
તે વિરલા જગજોય...પંથડો નિહાળું રે

તર્કવાદની રીતે જો માર્ગને સમજવાનો પ્રયાસ કરવા જઈએ તો તેમાંથી મોટી વાદવિવાદની પરંપરા ઉભી થાય છે અને વાદ વિવાદનો પાર કેમે પામી શકાતું નથી એ તો એકમાંથી બીજો તર્ક અને બીજામાંથી ત્રીજો તર્ક એ રીતે પરંપરા ચાલ્યા જ કરે—અથવા તર્ક વડે એક શંકાનું સમાધાન કરીએ ત્યાં બીજી અનેક શંકાઓ ઉભી થતી જાય પછી તો તેનો ક્યાંય છેડો જ ન આવે પૂ૦ ઉપાધ્યાયજી યશોવિજયજી જેવા મહા પુરુષે પણ ફરમાવ્યું છે કે

वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ॥
तत्वांन्तं नैव गच्छन्ति तिलपीलकवद्‌गतौ ॥

ઉપર આપણે લખી આવ્યા તેમ વાદ કે વિવાદ કરે ઘાંચીના બળદની જેમ કોઈ તત્વનો પાર પામી શકતા નથી તેમાંએ સુતર્ક હોય તો ઠીક પણ કુતર્કનો કોઈ પાર જ નથી માટે તર્કના આધારે વિચારવાથી પણ માર્ગનો નિર્ણય થઈ શકતો નથી.

અભિમત વસ્તુ રે વસ્તુ ગતે કહે
તે વિરલા જગ જોય,



પંચ મહાવ્રત દયા આદિના પરિણામ ને શુભ ભાવ છે તે શુભભાવથી બંધ થાય છે. માટે તે બધા કર્મ ભાવ છે. તેનાથી અબંધપણાનો ગુણ થાય એમ માનવું તે સ્વ હિંસા છે સત્‌નો અનાદર છે-જોઈ લો એકાંતવાદીઓની પ્રરુપણા ? જ્યારે એમને જ માન્ય ગુરુ કુંદકુંદાચાર્યજી પ્રવચન સારમાં પંચ મહાવ્રતાદિને મુનિપણાના મૂળ ગુણ તરીકે પ્રરુપે છે-પ્રવચન સારની ૨૦૮મી ગાથામાં લખે છે કે

वदसमिदिंदियरोधो लोचावस्सयमचेल मण्हाणं !

વ્રત સમિતિ ઇન્દ્રિય રોધ લોચ આવશ્યક વિગેરે મુનિપણાના ૨૮ મૂળ ગુણો કહ્યા છે એટલા માટે મહાવ્રતાદિને વિકારીભાવ તરીકે પ્રરુપી શકાય નહી. ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી જે પંચ મહાવ્રતાદિના ભાવોની પ્રાપ્તી થાય છે તે તો ક્ષાયોપશમીક ભાવ કહેવાય તેને વિકારીભાવ કેમ કહી શકાય. દયા અનુકંપાના ભાવો પણ ક્ષાયોપશમીક ભાવો છે. હાથીના ભવમાં મેઘકુમારના જીવે અનુકંપાના ભાવથીજ સંસાર સિમિત કરી નાંખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ જ્ઞાતા સૂત્રમાં છે દયા અનુકંપા અને મહાવ્રતાદિના શુભ ભાવોને વિકારભાવ અથવા કર્મભાવ કહેવા એતો પોતાના ઘોરાતિઘોર અજ્ઞાનનું પ્રદર્શન કરવા જેવું છે-અમૃતચંદ્રાચાર્યજી પ્રવચન સારની ટીકામાં પંચાચાર અંગે લખે છે કે "કાળ વિનય ઉપધાન બહુમાનાદિથી

સંપન્ન હે જ્ઞાનચાર શુદ્ધ આત્માનો હું નથી એમ નિશ્ચયથી હું જાણું છું"

तथापि त्वां तावदासीदामि यावत्त्वत् प्रसादात् शुद्धमात्मानमुपलभेया

તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરૂં છું જ્યાં સુધી તારા પ્રાસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરૂં ? આજ રીતે દર્શનાદિ આચાર અંગે પણ લખ્યું છે નિશ્ચયની પ્રાપ્તી ન થાય ત્યાં સુધી પંચાચાર રૂપ વ્યવહારને અનુસરવાનું સાફ સાફ શબ્દોમાં લખે છે-નિશ્ચયની પ્રાપ્તી થયા પછી તો સદ્ વ્યવહાર એની મેળે છુટી જાય છે. સાધ્યની સિદ્ધિ થએ સાધનની જરૂર રહેતી નથી એમાં કોઈના પણ બે મત છે જ ક્યાં ? આ બધાનો નિષ્કર્ષ એટલો જ છે કે

"જ્ઞાન દશા પામ્યો નહીં
સાધન દશા ન કાંઈ
પામે તેનો સંગ જે
તે બૂડે ભવ માંહી"

નિશ્ચયની દૃષ્ટિએ શુદ્ધાત્મ સ્વરૂપને પામ્યો ન હોય અને સાધન દશાનો ત્યાગ કરી બેઠો હોય તેવાનો જે કોઈ સંગ કરે તે ભવ સમુદ્રમાંજ ડુબી મરે ! માટે પૂ. આનંદઘનજીએ જે લખ્યું છે,

"અભિમત વસ્તુ કે વસ્તુ ગતે કહે
તે વિરલા જગ જોય.
તે નિશ્ચયકુળ પ્યારા લાગ્યા છે,"

ચૌદ પૂર્વધરોમાં પણ ક્ષયોપશમની તરતમતા

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે
વિરહ પડ્યો નિરધાર,
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર......પંથડો...પ

દિવ્ય નયણથી વસ્તુ સ્વરૂપની વિચારણા કરવામાં મોટામાં મોટી મુશ્કેલી એ છે કે આ કાળમાં કેવલ જ્ઞાન રૂપી દિવ્ય નયણનો વિરહ પડ્યો છે. તેવા અતિશયવંત જ્ઞાની ભગવંતોનો આ કાળમાં વિરહ વર્તે છે એટલે વસ્તુ સ્વરૂપની વિચારણા કરવામાં તેવા દિવ્યજ્ઞાની મહાપુરુષોની આ પંચમકાળમાં મદદ મળી શકે તેમ નથી એટલેકે તેવા દિવ્યજ્ઞાની અને દિવ્ય નયણનો "વિરહ પડ્યો નિરધાર યાને નિશ્ચિતપણે વિરહ પડેલો છે તો પછી આ ઘોર અંધકારમાં એ કોઈ એકાદ પ્રકાશનું કિરણ છે કે નહીં! કે પછી આશાજ છોડી દેવાની! પ્રત્યુત્તરમાં કહે છે બિલકુલ નિરાશા લાવવાની જરૂર નથી.

"તરતમ જોગે રે તરતમ વાસનારે"

તરતમ યાને ઓછો વધતો જ્ઞાનનો જે ક્ષયોપશમ છે તેજ "વાસિત બોધ આધાર" યાને સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તીનો મુખ્ય આધાર છે. એટલે કે બધાનો ક્ષયોપશમ સરખો હોતો નથી ચૌદ પૂર્વધર જેવા મહા પુરુષો કે

[illegible]

પણ અનંત ગુણ વૃદ્ધિ અસંખ્યાતગુણ વૃદ્ધિ અનંત ગુણ હાની અસંખ્યાત ગુણ હાની આદિ છ [illegible] બતાવવામાં આવે છે લોકપુરૂષોમાં પણ કોઈનું ક્ષયોપશમ અનંત ગુણ વૃદ્ધિ રૂપ હોય તો કોઈનું અનંત-ગુણ હાની રૂપ હોય. એટલે ક્ષયોપશમની વિચિત્રતા તેવા પુરુષોને પણ લાગુ પડે છે માટે જ્ઞાનાવરણીકર્મના ક્ષયો-પશમની તરતમતા મુજબ જ્ઞાનની પણ તરતમતા રહેવાની યાને જ્ઞાનનું ઓછા વધતાપણું રહેવાનું અને એજ આ કાળમાં બોધ પ્રાપ્તીનો મુખ્ય આધાર છે.

મતિજ્ઞાનના ધારણા નામના ભેદના અવિચ્યુતિ વાસના અને સ્મૃતિ આ ત્રણ પ્રકારો બતાવવામાં આવ્યા છે તેમાં પૂ૦ આનંદઘનજીએ વાસના શબ્દનો પ્રયોગ કર્યો છે. વાસના શબ્દનો અર્થ આ રીતે કરી શકાય કે મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલો સંસ્કાર તેનું નામ વાસના! ચાલુ પડતા કાળમાં જે કોઈ મહાપુરુષોનો સર્વોત્કૃષ્ટ બોધ હોય અને શુદ્ધ ચારિત્ર હોય તેવા પુરુષોનો બોધ માર્ગની પ્રાપ્તીમાં આધારરૂપ

બને છે. તેવા ગીતાર્થ મહાપુરુષોનો આલંબન લઈને ચાલુ પડતા કાળમાં પણ માર્ગની શોધ ચલાવવા પૂર્વક માર્ગની આરાધના કરી શકાય છે.

છેલ્લી ગાથામાં યોગીરાજ આનંદઘનજી ફરમાવે છે કે,

કાલ લબ્ધિલઈ પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ.
એ જન જીવે રે તે જીનજી જાણજો રે,
આનંદઘન મત અંબ...પંથડો નિહાળુ રે...૬

આ વિષમ કાળમાં માર્ગ પ્રાપ્તીની અતિ દુર્લભતા દર્શાવ્યા પછી છેલ્લી ગાથામાં લખે છે કે કાળ લબ્ધિની પ્રાપ્તી થએ અવશ્ય ભગવાને પ્રવર્તાવેલા મોક્ષ માર્ગને યથાસ્થિત સ્વરૂપે નિહાળશું ! અને એજ આશાના અવલંબને આ સેવક અત્યારે તો કાળ નિર્ગમન કરી રહ્યો છે "એ જન જીવે રે તે જીનજી જાણજો રે આનંદઘન મત અંબ"

હે ! જિનેશ્વર પ્રભુ એજ આશાના અવલંબને આ સેવક કાળ નિર્ગમન કરી રહ્યો છે. એટલુંજ નહીં પણ એજ આશાના અવલંબને સેવક અત્યારે ચાલુ વર્તમાનમાં જીવી રહ્યો છે. આનંદઘન સ્વરૂપ આત્માને આંખવાનો અથવા પામવાનો આજ સમ્યગ્ વિચાર છે.

લબ્ધિનાં પાંચ પ્રકાર છે. કરણલબ્ધિ, ઉપશમ લબ્ધિ, ક્ષાયિકલબ્ધિ, ભાવલબ્ધિ તેમ કાળલબ્ધિ. આ લબ્ધિના પાંચ પ્રકાર શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા

બીજું શું કહેવાય. છઠ્ઠા આરાનો કાળ માર્ગની પ્રાપ્તી માટે બિલકુલ પ્રતિકૂળ કહેવાય. પાંચમા આરાનો કાળ ધર્મ સામગ્રીની દષ્ટિએ બિલકુલ પ્રતિકૂળ ન કહી શકાય માટે પરમાર્થને ઇચ્છતા હોઈએ તો સત્યના માર્ગે પુરુષાર્થ કરવો જોઈએ. ભવિતવ્યતા અથવા કાળ લબ્ધિને આગળ કરીને તદ્દન પુરુષાર્થ હીન નહીં બનવું જોઈએ.

કરણ લબ્ધિના આલંબને આ કાળમાં પણ રાગ-દ્વેષની ગાંઠને ભેદીને સમ્યક્ત્વને પામી શકાય છે. આત્માના પરિણામ તેને કરણ કહેવાય. યથા પ્રવૃત્તિ કરણ અપૂર્વ કરણ અનીવૃત્તિકરણ. આ કરણના પ્રકાર છે. અપૂર્વ કરણના યોગે ગ્રંથીનો ભેદ કરી શકાય છે. કેવલ જ્ઞાન અથવા મોક્ષની પ્રાપ્તી આ કાળે નથી ! સમ્યગ્ દર્શનાદિ તો આ કાળમાં પણ પામી શકાય છે માટે માર્ગની પ્રાપ્તી માટે મનમાં બિલકુલ નિરાશા લાવવાની જરૂર નથી. પુરુષાર્થની પ્રક્રિયા ચાલુ રાખીને જેટલું શકય હોય તેટલું આ કાળમાં પણ સાધી લેવાનું છે.

આત્માના એવા શુભ પરિણામ હોય કે મોહનીય કર્મની પ્રકૃતિઓને અંતમુહુર્તના કાળ પર્યંત એવી દબાવી રાખે કે તેટલા કાળ પર્યંત કોઈ પણ પ્રકૃતિ ઉદયમાં ન આવી શકે એ ઉપશમ લબ્ધિ કહેવાય. અને મિથ્યાત્વ કષાયાદિ તે તે મોહનીયની પ્રકૃતિઓને ખપાવી

શ્રી સંભવનાથ ભગવાનના સ્તવન પરનું વિવેચન

માર્ગની શોધમાં નિકળેલા મુમુક્ષુને માર્ગની પ્રાપ્તી ક્યારે !

સંભવ દેવ તે ધુર સવો સવે રે
લહી પ્રભુ સેવન ભેદ
સેવન કારણ પહેલી ભૂમિકા રે
અભય અદ્વેષ અખેદ
સંભવ દેવ તે ધુરસેવો સવે રે...૧

હે ભવ્યો ! સંસાર સમુદ્રથી નિસ્તારને ઇચ્છતા હો તો સવારે ઉઠીને સૌથી પ્રથમ દેવાધિદેવ સંભવનાથ પ્રભુની સેવા કરો ! પરમાત્માની સેવા વિધિ વિધાન પૂર્વક થાય એ માટે સેવાના ભેદ પ્રભેદાદિને સાંગોપાંગપણે જાણી લો એટલુંજ નહીં પણ સેવા સાંગોપાંગપણે કરવી હોય તો પ્રથમ તેની ભૂમિકા તૈયાર કરો ! અભય અદ્વેષ અને અખેદ આજ સેવાની પ્રથમ ભૂમિકા છે.

દ્રવ્ય પૂજા અને ભાવપૂજા

સેવાના ભેદ પ્રભેદાદિનું જ્ઞાન ન હોય અને ભૂમિકા તૈયાર ન હોય ત્યાં સુધી સેવા કરવામાં જે અંતરમાં

ગૃહસ્થો સવારના જિન મંદિરમાં જઈને પરમાત્માના દર્શન
વંદન પૂજન કર્યા પહેલા મોઢામાં પાણી લેતા નહીં જ્યારે
આજના યુગમાં ઉઠતાવેંત દેવ દર્શનને બદલે સૌથી
પહેલા દેવી દર્શન! દેવી દર્શન એટલે ચા દેવીના દર્શન!
કેટલાક તો વળી Bed ૧૦૦ બેડ. ટી પીતા થઈ ગયા એટલે
ચા પીધા પહેલાં પથારીમાંથી ઉભા જ ન થાય હવે વિચારો
જીવનમાં કેટલો પ્રમાદ વધ્યો! વ્યસન માત્ર પ્રમાદ કહે-
વાય આજે મનુષ્યો વ્યસનને લીધે પ્રમાદી એવા થઈ
ગયા કે વ્રત પચ્ચક્ખાણાદિમાં વીર્યોલ્લાસ ઘણો ઓછો
થઈ ગયો-વ્યસન એતો જીવનમાં મોટામાં મોટી ગુલામી
કહેવાય વ્યસનને લીધે વ્રતમાં મોટી અંતરાય ઉભી થાય
આ બાજુ ચા દેવીએ કાળો કેર મચાવ્યો તો બીજી
બાજુએ ધુમ્રપાને દાટવાળી નાંખ્યો તો વળી સિનેમા
એતો સત્યાનાશ કાઢી નાંખ્યું સિનેમાએ સંસ્કૃતિના જાણે
મૂળ હચ મચાવી નાખ્યા! નાટક પ્રેક્ષણ એ બધા અનર્થ
દંડના પ્રકાર કહેવાય તેમાં સિનેમા તો વળી મહા અન-
ર્થદંડ! વિના કારણ જેમાં આત્મા દંડાય તેજ અનર્થદંડ
કહેવાય, અન્ય પાપ સ્થાનક સેવવાથી એક પોતાનો
આત્મા બગડે જ્યારે સિનેમાના પાપથી સારી દુનિયા
બગડી રહી છે. સિનેમા જોવાથી સામુદાયિક કર્મનો બંધ
પડે છે અને તે કર્મ ઉદયમાં આવતા હજારો મનુષ્યોને
એકીસાથે ભોગવવું પડે છે જેમ ક્યાંય હોનારત થાય
એક્સીડેન્ટ થાય એટલે સેંકડો મનુષ્યો એકી સાથે મૃત્યુના

...હી ? આઠ ભયસંજ્ઞાના [illegible]
ભાઓ. મનુષ્યને મનુષ્યથી ભય લાગે તે ઈહલોક
મનુષ્યને તિર્યંચાદિ દેવોથી ભય લાગે તે પરલોક
મારો ધન વૈભવ લૂંટાઈ જશે. એનો ભય મનમાં
તે આદાન ભય, આગ ગઠાનો ભય મનમાં રહ્યા કરે
કના કોઈ સાધન છે નહીં મારી આજીવિકા કેમ
શે તેવો ભય મનમા રહે. મૃત્યુ અંગેનો ભય રહ્યા
તેમજ અકસ્માતનો ભય મનમાં રહે ધરતીકંપ વિદ્યુત-
અચાનક પાણીનું પુર આવી જતાં જે ભયો ઉભા
તે અકસ્માત ભય કહેવાય. આ ભયના સાત પ્રકાર
ઓમાં લગાએલા છે.

ભય સંજ્ઞા અતિ ભયંકર વસ્તુ છે ભય સંજ્ઞાને
ધે માનવીના મન પરિણામ એટલા બધા ચંચળ બની
ય કે માનવી સામાન્ય વ્યવહારમાં પણ ઉભો ન રહી

શકે. તો પછી મોક્ષ માર્ગનાં લોકોત્તર વ્યવહારમાં તો ક્યાંથી ઉભો રહી શકે. અભય મનની સ્વસ્થતામાં મુખ્ય કારણભૂત છે અને મનની સ્વસ્થતા સાધનાના માર્ગમાં મુખ્ય કારણભુત છે મનની અસ્વસ્થતા આકુળતાને જન્મ આપનારી છે. જ્યારે મનની સ્વસ્થતા અનાકુળતાને અને સમાધિને જન્મ આપનારી છે પોતાના આત્માનું અવિનાશી અને અજરામર સ્વરૂપ વિચારનારા મનુષ્યો મૃત્યુના ભયને પણ ઉલ્લંઘી જાય છે. આત્માના સ્વરૂપને જાણનારા મનુષ્યો શોક મૃત્યુ અને ભય આ ત્રણેને પાર કરી જાય છે. મરણાંત ઉપસર્ગના પ્રસંગે પણ મહાપુરુષો ભયભીત બન્યા નથી. અને તેવા ઉપસર્ગાદિના પ્રસંગે પણ પોતાના સ્વરૂપની ભાવના એવી કરી કે એ મરણાંત ઉપસર્ગ કરનાર ભલે શરીરનું નાશ કરી શકસે પણ આત્મા તો અજ અવિનાશી છે તેનો નાશ કરવાને કોઈ સમર્થ નથી! આત્માના સ્વરૂપની ભાવના કરતાં કરતાં મરણાંત ઉપસર્ગના પ્રસંગે પણ મહાપુરુષો અંતગડ કેવલી થઈને મોક્ષે સિધાવી ગયા! આત્મ સ્વરૂપની પ્રતિતિ વિના જીવનમાં સાચી નિર્ભિકતા આવે નહીં.

શરીરથી ભિન્ન આત્માનું જેમને ભેદજ્ઞાન થએલું હોય છે તેવા પુરુષો રાત્રીનાં સમયે સ્મશાન જેવા નિર્જન પ્રદેશમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હોય છતાં ભયભીત બનતા નથી અને ભેદજ્ઞાનથી ભ્રષ્ટ બનેલા મનુષ્યો રાત્રીના સમયે પોતાના ઘરમાં રહ્યા હોય છતાં નિર્ભય

રાખીએ તો પણ તેમાંથી કશો સાર હાથમાં આવવાનો નથી ઉલ્ટી મહેનત માથે પડવાની.

પ્રતિક્રમણાદિ ક્રિયા કરતા પણ જીવ કેટલીક વાર એવો થાકી જાય છે કે જાણે વેઠ ઉતારવાની જેમ ક્રિયા કરતો હોય છે પ્રતિક્રમણની ક્રિયામાં જ્યાં ઉભા થવું જોઈએ ત્યાં ન ઉભો થાય ન સરખા ખમાસમણા દે. વાંદણા લેવાના સમયે ન સરખા આવર્ત વિધિ સાચવે–બસ ક્રિયા કરવી જોઈએ એટલે ગતાનુંગતિક પણે કરે રાખે! દિવાલનો ટેકો મળતો હોય તો દિવાલને ટેકે બેસે પછી ભલે ક્રિયા કરતા ઝોલા આવે–જે જે ક્રિયા કરતા હોઈએ તેના આસન પણ બતાવવામાં આવ્યા છે. ચૈત્યવંદન કરતાં હોઈએ ત્યારે કેવા આસને બેસવું કાયોત્સર્ગનું આસન કેવું લગાવવું આ રીતે પ્રત્યેક ક્રિયાના આસનો હોય છે તે તે પ્રકારે આસન લગાવીને ક્રિયા કરવામાં આવે તો તો ક્રિયામાં કંટાળો ન આવે અને ધર્મ પ્રવૃત્તિ કરતા થાકી પણ ન જવાય માટે અખેદ એ પણ સેવાની પ્રથમ ભૂમિકામાં અત્યંત ઉપયોગી સદ્ગુણ છે.

વસ્તુ સ્વરૂપના અજ્ઞાનને લીધે દોષોની ઉત્પત્તિ

અદ્વેષ વિષે તો ઘણું લખી ગયા યોગમાર્ગના જેટલાં અંગો છે તેમાં પહેલામાં પહેલું અંગ અદ્વેષ છે મનમાં દ્વેષ રાખીને અથવા ડંખ રાખીને કોઈ કાંઇ પણ સાધી શકે નહીં આ અદ્વેષના ગુણને લીધે મોક્ષ માર્ગના જે


જે સાધન છે તેને જીવ વહેલામાં વહેલી તકે પામી શકે પહેલી મિત્રા દૃષ્ટિમાં જીવ હજી સમ્યક્ત્વના પરિણામને, પણ પામ્યો ન હોય છતાં મિત્રા દૃષ્ટિને પામેલા જીવમાં પણ અદ્વેષ અને અખેદાદિ ગુણો પ્રગટે છે તો પછી આગળ આગળના ગુણઠાણાની તો વાતજ શી કરવાની રહી? ખેદ ભય અને દ્વેષ આ ત્રણે દોષો જીવમાં વસ્તુ સ્વરૂપ ના અબોધપણાને લીધે ઉત્પન્ન થાય છે "દ્વેષ અબોધ લખાવ" આ દોષો અબોધપણાને અંગે છે એમ હૃદયમાં રાખવા જેવું છે—આ ત્રણે દોષો જાય અને અભય અને અખેદ એ ગુણોની પ્રાપ્તી થાય એટલે સેવાની ા સાંગો પાંગ પણે તૈયાર થઈ કહેવાય.

ધાર્મિક જીવનની ચાર ભૂમિકાઓ

જેમ આ સેવાની ભૂમિકા છે તેમ માનવતા, ધાર્મિ- અધ્યાત્મિકતા, અને પૂર્ણતા, એ ધાર્મિક જીવનની ભૂમિકાઓ છે, ધાર્મિક જીવનની શરુઆત માનવતાથી બીજા શબ્દોમાં જેને માર્ગાનુસારિતા કહેવામાં છે નીતિ ન્યાય પાપભિરુતા સર્વત્ર નિંદાનો યાગ માતા પિતાની સેવા દયાળુતા સૌજન્યતા ઇન્દ્રિય મ પ્રમાણિકતા એ બધા માનવતાના મહાન સદ્‌ગુણો › માનવી વ્યવહારમાં પણ પ્રમાણિકતાથી ન વર્તતો તે ગમે તેટલી ધર્મ ક્રિયાઓ કરતો હોવા છતાં

[illegible] આ માર્ગે [illegible]
ત્યાગેલ શબ્દાદિક વિષયોનો નિરોધ [illegible] ત્યાગ સંયમ
અને સંયમના સાધન પ્રતિ દૃઢ રાગ [illegible]
હિંસા અસત્યાદિ આસ્રવોથી વિરમવું પાંચ ઇન્દ્રિયોનો
નિગ્રહ કરવો ચાર કષાયનો જય કરવો મન દંડ, વચન
દંડ, કાયદંડ, એ ત્રણ દંડ કહેવાય તેનાથી આત્માને
કોઈ રીતે દંડવો નહીં એ ત્રણેનો નિગ્રહ કરવો આ
સત્તર ભેદે સંયમ કહેવાય પૂ. ગુરુ ભગવંતો સત્ શાસ્ત્ર
સાધર્મિકનો સુયોગ આ બધા સંયમ માર્ગના નિમિતો
કહેવાય તે પ્રતિ દ્રઢ રાગ કેળવવો અને જેની દૃષ્ટિમાં
આત્માએ વિશ્વમાં આત્માથી કાંઈ પણ અધિક ઇષ્ટ ન
હોય જેની દૃષ્ટિમાં કિંમતી કોહીનૂર અને રત્નમણી કરતા
પણ આત્મા અધિક ઇષ્ટ હોય કારણ કે તે ગમે તેવા
કિંમતી હોય પણ અંતે જડ છે જ્યારે આત્મા ચેતન
છે ઝવેરી લોકો તેનું ગમે તેટલું મોલ કરે પણ ચેતન
લાલતો અણમોલ છે માટે ઇષ્ટમા ઇષ્ટ જેની દૃષ્ટિમાં
આત્મા હોય તેમને બીજી ભૂમિકાને અનુસાર મધ્યમ પ્રકા-
રના પાત્ર કહ્યા.

નહીં તૃષ્ણા જીવ્યાતણી
મરણ યોગ નહીં ક્ષોભ
મહા પાત્ર તે માર્ગના
પરમ યોગ જિત લોભ
(શ્રીમદ રાજચંદ્ર



વા છતાં અસંગ્નીજેવા છે સુખ કે દુઃખ મનમાં લાવ
નીં ચીજ નથી સુખમાં વૈરાગ્યભાવ ટકી રહે અને
ખમાં સમાધિભાવ ટકી રહે એટલે સમજવું સાચું
જીવન જીવવાની કળા હસ્તગત થઈ ગઈ. બ્રહ્મદત્ત
ચક્રવર્તિ જેવા વૈષયિક સુખોમાં આસક્ત બન્યા તો
મૃત્યુને પામી ક્યાં ગયા તે વિચારી લેવાનું અને ધન્ના
શાલિભદ્ર જેવા જે જે મહાપુરુષો વૈષયિક સુખોમાં વિર-
ક્ત બન્યા તે ક્યાં ગયા તે પણ વિચારી લેવાનું અને
જેઓ સંપૂર્ણ વીતરાગ બન્યા તેઓ ક્યાં પહોંચી ગયા
તે પણ વિચારી લેવાનું જેટલા આસક્ત બન્યા તે નરકે
ગયા વિરક્ત બન્યા તે દેવલોકે ગયા અને વીતરાગ બન્યા
તે મોક્ષે ગયા. આટલા વિવેચનમાં તત્ત્વ જ્ઞાનની ઘણી
વાતો સમાઈ ગઈ, ઉંચામાં ઉંચું તત્ત્વ જ્ઞાન પણ આનેજ
કહેવામાં આવે છે. વિરતિનો માર્ગ જીવને મોક્ષે પહોં
ચાડનારો છે અને આશક્તિનો માર્ગ નરકે લઈ જનારો છે

जे रीने संतोतजे, मूढताहीं ललचाय।
नर खाय कर डारे, श्वानस्वादलेखाय॥

સંતો જેનોત્યાગ કરે અજ્ઞાની તેમાંજ રાગ પો

જીવનમાં વૈરાગ્ય ભાવને પોષતા પોષતા સંતો
વૈભવાદિનો સ્વેચ્છાથી ત્યાગ કરે છે. જ્યારે મૂઢ
મનુષ્યો તેના તેજ પદાર્થોમાં લલચાઈ જતા હોય

મનુષ્યો ભોજન કરીને કેટલીકવાર ઉલ્ટી કરી નાંખે છે. એટલે કે ખાધેલું ઓકી નાંખે છે, જ્યારે તે વમન કરાએલા અંકવાડને કુતરા કાગડા અત્યંત સ્વાદિષ્ટતાપૂર્વક આરોગી જાય છે. ગજ આજ રીતે ધન્ના શાલિભદ્ર જેવા અને સુબાહુકુમાર મેઘકુમાર જેવા મહાપુરુષોએ સંસારિકસુખોનો અને ધન વૈભવનો વમન પૂર્વક સ્વેચ્છાથી ત્યાગ કર્યો હતો. આજે આવા પડતા કાળમાં પણ કેટલાય મહાપુરુષો કનક કમિનિ કુટુંબ કબીલાનો ધન વૈભવનો તેને તુચ્છ સમજીને ત્યાગ કરી દે છે. જ્યારે મૂઢ મતિ મનુષ્યો તેમાંજ ઉત્કટ રાગને પોષતા હોય છે અંતોએ જેનું વમન કર્યું તેમાં રાગ પોષવું એનાથી ઘોર અજ્ઞાન કયું હોઈ શકે ? અંદરની દૃષ્ટિ ખુલે અને દોષો ટળે ત્યારેજ વસ્તુ વસ્તુના સ્વરૂપે સમજાય છે અને તેમાં વળી સાધુ સમાગમનો યોગ મળી જાય ત્યારે જીવને કેવા અપૂર્વ લાભનું કારણ બની જાય છે તે અંગે હવે સ્તવનની ચોથી ગાથામાં ફરમાવે છે.

"પરિચય પાતિક ઘાતક સાધુ શું રે
અકુશળ અપચય હેત,
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિ શીલન નય હેત"
સંભવ દેવતે ધુરસેવો સવેરે...૪:

ભવોભવનાં પાતિકનું ઘાત કરનાર સાધુ પુરુષોનો પરિચય અકુશલના અપચયનું (નાશનું) મુખ્ય હેતુ બને.



સ્વ સમયની જેમ પર સમયના પણ અભ્યાસી બનવાની જરૂર

સ્વ સમય અને પર સમય આ બંન્ને શબ્દોની વ્યાખ્યા પણ લક્ષમાં લેવા જેવી છે જન દર્શનનાં જે મૌલિક શાસ્ત્રો અથવા પીસ્તાલીશ આગમો તે સ્વસમય કહી શકાય તે સિવાયનાં અન્ય દર્શનીના જે શાસ્ત્રો વેદ પુરાણાદિ તે પર સમય કહી શકાય જૈન સાધુઓએ સ્વ સમય અને પર સમય બંન્નેનો અભ્યાસ કરવો જોઈએ ગીતાર્થોની નિશ્રામાં રહી સ્વ સમયનું સાંગોપાંગપણે અધ્યયન કર્યા પછી અને પરિપક્વતા આવ્યા પછી પર સમયનું પણ જ્ઞાન મેળવવું જોઈએ—અન્ય દર્શનીઓનાં શાસ્રોનું જ્ઞાન મેળવવાથી સ્વ સમય અંગેની શ્રદ્ધા મજબૂત બને છે.—અચાનક કોઈ શાસ્રાર્થ કરવા આવી ચડે તો પર સમયનું પણ જ્ઞાન સંપાદન કરેલું હોય તો સ્વ સમયનું ખૂબ સારી રીતે પ્રતિપાદન કરી શકાય અને વાદીની ગમે તેવી યુક્તિઓ હોય છતાં તેના સ્પષ્ટ રદીયા આપી શકાય. એક સાઈડનું જ જ્ઞાન હોય અને બીજી સાઈડનું જ્ઞાનજ ન હોયતો વાદીની સામે કઈ રીતે ટકી શકાય, માટે સ્વ સમય અને પર સમયનાં પૂર્ણ અભ્યાસી બનવું જોઈએ.

શરીરાદિ પર્યાયમાં આશક્તિ તે પર સમય અને સ્વભાવમાં સ્થિતિ તે સ્વ સમય

પૂ૦ ઉપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજે અધ્યાત્મોપનિષત્ ગ્રંથમાં સ્વ સમયની અને પર સમયની અતિ મૌલિક વ્યાખ્યા ફરમાવી છે.

ये पर्यायेषु निरता स्ते ह्यन्य समयस्थिताः ।
आत्मस्वभाव निष्ठानां, ध्रुवास्वसमयस्थितिः ॥

જેઓ પર્યાયમાં આસક્ત બનેલા છે તેઓ પર સમયમાં સ્થિત બનેલા છે હું શરીરે કેવો રૂપાળો છું મારૂં સૌંદય કેટલું અદ્ભુત છે મારા શરીરનાં સ્પર્શ રસ ગંધ વર્ણ કેટલા અદ્ભુત છે બસ આનેજ પર્યાય દષ્ટિ કહેવામાં આવે છે શરીર એ પણ પર્યાય છે માટે શરીર અને શરીરના રૂપ રસાદિમાં આશક્ત બનેલા પર્યાય બુદ્ધિવાળા કહેવાય માટે તે પરસમયમાં સ્થિત બનેલા કહેવાય અને જેઓ આત્મ સ્વભાવમાં સ્થિત બનેલા છે તેઓ સ્વ સમયમાં સ્થિત બનેલા કહેવાય. પ્રવચન સારમાં દિગંબર સંપ્રદાયનાં આચાર્ય શ્રી કુંદ કુંદાચાર્યજીએ પણ સ્વ સમય અને પર સમય અંગેની વ્યાખ્યા ફરમાવી છે કે

जे पज्जयेसु णिरदा, जीवापरसमयिगति णिद्दिट्ठा ।
आदसहावम्मि ठिदा, ते सगसमया मुणेदव्वा ॥

એજ ખરું ગુરુગમ કહી શકાય, ગુરુગમ સિવાય સ
આગમોનું જ્ઞાન મેળવવા જતાં તેમાં અનેક ભય
રહેલા છે તેમાં શંકા કુશંકાઓ કરીને થોડી ઘણ
ધર્મનાં માર્ગમાં શ્રદ્ધા હોય તેનાથી પણ ભ્રષ્ટ થઈ
માટે આગમોનાં અધ્યયનની બાબતમાં અનધિકાર
ભૂલે ચૂકે નહીં કરવી જોઈએ. ક્યારેક એવી ગુંચ
થાય કે સ્વયમેવ તેનો ઉકેલ થઈ શકે નહીં
ગીતાર્થ ગુરુગમનાં પ્રભાવે ગમે તેવી ગુંચનો ઘણી
લાઈથી ઉકેલ લાવી શકાય. એટલા માટે ગુરુ ભગ
માટે જે શબ્દો વપરાયા છે કે, "ગુરુ દીવો ગુરુ
ગુરુ વિણ ઘોર અંધાર" એ બિલકુલ યથાતથ્ય

શાસ્ત્રોમાં શ્રાવકોને સૂત્ર ભણેલા કહ્યા! ન
પણ સૂત્ર સાંભળીને લબ્ધાર્થ કહ્યા

શાસ્ત્રોમાં એવા એવા શબ્દો આવે છે કે સ્વ
પણ સ્વચ્છંદ મતિથી આગમોનું સ્વાધ્યાય કરવા જાય
કરતાં [illegible] જેવું પણ થઈ જાય અને તે
શાસ્ત્રોનાં અર્થો નહીં સમજવાથી માનવી ક
શ્રદ્ધાથી [illegible] થઈ જાય એટલા માટે ભગવાની સૂ
[illegible] વર્તમાનનાં શ્રાવકો કેવા હતા તેનું વર્ણન ક
[illegible]

વાથી લબ્ધાર્થ હતા એટલે તેઓએ સૂત્રના અર્થ ગુરુ-
ગમથી મેળવ્યા હતા અને સૂત્રનાં અર્થનો નિર્ણય
થવાથી ગૃહીતાર્થ હતા એટલે સૂત્રનાં અર્થોને ચોક્કસપણે
ગ્રહણ કર્યા હતા. સૂત્રોનાં અર્થમાં સંદેહ પડતા ગીતાર્થ
મહાપુરુષોને પુછી લેવાથી પૃષ્ટાર્થ હતા એટલુંજ નહીં,
“अभिगयट्ठा विणिच्छियट्ठा, તેઓએ સૂત્રોનાં અર્થોને સારી
રીતે જાણ્યા હતા સૂત્રોના અર્થોનું રહસ્ય નિર્ણય પૂર્વક
જાણ્યું હતું ગુરુ મહારાજ પાસેથી સૂત્રોના અર્થો
સાંભળી અર્થમાં પ્રવીણ બન્યાના દૃષ્ટાંત ઘણે સ્થળે મળી
આવે છે પણ “लद्ध सुत्ता गहिय सुत्ता” મેળવ્યા છે
સૂત્રો જેમણે નિર્ણય પૂર્વક ગ્રહણ કર્યા છે સૂત્રો જેમણે
એવા પાઠ શાસ્ત્રોમાં ક્યાંય આવતા નથી એટલા માટે
સુત્રમાં શ્રાવકોને સૂત્ર ભણેલાં કહ્યા નથી પણ સૂત્ર સાંભળ-
વાથી લબ્ધાર્થ કહ્યા છે. સૂત્ર ભણવાનો અંધિકાર સાધુનો
છે અને તે પણ ગીતાર્થ મહાપુરુષોની નિશ્રામાં રહીને
યોગોદ્વહન કરવા પૂર્વક જાણવાનો અધિકાર છે, એટલા
માટે પૂ૦ આનંદઘનજીએ ઠીકજ કહ્યું છે કે,

“આગમ વાદે હો ગુરુગમ કો નહીં
એ સબળો વિષ વાદ,

આગમવાદનાં વિષયમાં જેવો જોઇએ તેવો આ
કાળમાં ગુરુગમ નથી અને એજ મોટામાં મોટા ખેદનો
વિષય છે. ગુરુગમના અભાવમાં અનેક વિવાદ સ્થાનો

આજે ઉભા થઈ ગયા છે જેનો કોઇ ઉકેલ દેખાતો નથી
સ આજ મોટામાં મોટો ખેદનો વિષય બનેલો છે.
વું અનુપમ જૈન શાસન! આ શાસનને સમર્પિત
એલો જીવ આ પડતા કાળમાં પણ એવું પોતાનું
રમાર્થ સાધી શકે કે જેવું ઘણાં આત્માઓ ચોથા
ારામાં એ નહોતા સાધી શક્યા? માટે શાસનમાં
ાતાવરણ એવું સર્જવું જોઈએ કે આરાધક આત્મા-
ાનો ઉત્તરોત્તર વીર્યોલ્લાસ વધતોજ રહે આ જિન
ાસનની તો ખરેખર બલીહારી છે. આ વિષમકાળમાં
ા શાસન મળ્યો એતો ખરેખર કલિકાલમાં કલ્પતરુ
્યો કહેવાય માટે આ શાસનને પામીને અવશ્યમેવ
ાનું આત્માર્થ સાધી લેવાનું છે એમાંજ જીવનની
ચી સફલતા છે.

ઘાતી ડુંગર આડા અતિઘણાં
તુજ દરિસણ જગનાથ.
ધીંઠાઈ કરી મારગ સંચરું,
સેગુ કોઈ ન સાથ,
........અભિનંદન...૪

સમ્યગ દર્શનની આડા પડેલા ઘાતીકર્મના
મોટા ડુંગરાઓ

અનેક અવરોધો સામા આવીને ઉભા રહે છે. આપનું દર્શન પામવામાં જેટલા અવરોધો છે તેમાં મોટામાં મોટો અવરોધ એ છે કે ઘાતી કર્મરૂપી હિમાલય જેવા મોટા પર્વતો આપના દર્શનની આડા પડેલા છે તો પણ હઠ કરીને આપનું દર્શન પામવાના ધ્યેયથી માર્ગમાં ચરી રહ્યો છું. વળી મોટામાં મોટી દુઃખની વાત એ કે, "સંગુ કોઈ ન સાથ" રસ્તો બતાવનારા કોઈ ભોમીયાનો પણ સંગાથ સાથે નથી. છતાં ધૃષ્ટતા ધારણ ને એકાકીપણે દર્શનનાં ધ્યેયથી માર્ગમાં સંચરી રહ્યો . જે માર્ગે ચાલી રહ્યો છું તે રસ્તાનું પુરુજ્ઞાન ી ભોમીયાનો સંઘાત નથી છતાં નાથ હઠ કરીને ચરી રહ્યો છું. આખિર સેવકની સંભાળ આપે લેવાની લાજ આપે રાખવાની છે મધ દરિયે નાવ છે પાર ાપે ઉતારવાની છે.

આઠ મૂળકર્મ પ્રકૃતિઓ છે તેમાં ચારઘાતી કર્મ ્રકૃતિઓ છે, અને ચાર અઘાતી કર્મ પ્રકૃતિઓ છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય આ ચારે ઘાતી પ્રકૃતિઓ છે અને વેદનીય, આયુ, નામ, અને ગોત્ર આ ચારે અઘાતી કર્મ પ્રકૃતિઓ છે આત્માના ગુણોનો ઘાત કરે તેને ઘાતી કર્મ કહેવામાં આવે છે. ઘાતી કર્મની ચારે પ્રકૃતિઓમાં મોહનીય કર્મની પ્રકૃતિ અતિ ભયંકર છે. અને મોહ ાં પણ મિથ્ ી અતિ બલવત્તર છે. મોહનીનો ,

માખીની પાંખને પણ દૂભવે નહીં છતાં અપૂર્વ સિદ્ધિને પામી ન શકે.

અંતઃ કોટાકોટી પ્રમાણ જે કર્મોની સ્થિતિ બાકી રહી તેને ખપાવવામાંજ જીવને ઉગ્ર પુરુષાર્થ કરવો પડે છે. કર્મોની ઘણી મોટી સ્થિતિ જે કુદરતી રીતે ખપી ગઈ તે રીતે આ બાકીની સ્થિતિ ખપવાની નથી એ સ્થિતિને ખપાવવા જીવને ઉગ્ર પુરૂષાર્થ કરવાનો રહેશે. અષાડ મહિનામાં વરસાદ ભલે કુદરતી રીતે વર્ષે છે પણ ખેતી અંગેનો પુરૂષાર્થ તો કૃષીકારનેજ કરવાનો રહે છે તેવી રીતે કર્મોની અમુક પ્રમાણમાં ઘણી મોટી સ્થિતિ કુદરતી રીતે તૂટી ગઈ પણ આગળની સ્થિતિ તોડવાનો અને ગ્રંથિ ભેદ માટેનો પુરૂષાર્થ તો જીવને પોતાને કરવાનો રહે છે.

ગ્રંથિ ભેદ વડે સમ્યગ્ દર્શનની પ્રાપ્તી થતા અપૂર્વ આનંદની પ્રાપ્તી

પૂ૦ આચાર્ય ભગવંત હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે:

तथा च भिन्ने दुर्भेदे कर्मग्रन्थि महाबले ।
तीक्ष्णेन भाव वज्रेण, बहु संक्लेश कारिणि ।।

...ના ભેદ વડે સમ્યગ્ દર્શનની પ્રાપ્તીએજ અપૂર્વ સિદ્ધિ

ગ્રંથીનો ભેદ કરી નાંખવો એજ જીવ માટે અપૂર્વ
સિદ્ધિ છે. ગ્રંથિના દેશ સુધી પહોંચવામાં જીવનો પુરુ-
ષાર્થ હોતો નથી. કષાયની સામાન્ય મંદતા થતા જીવમાં
તથા પ્રકારનાં પુરુષાર્થ વિના અથવા અંતરની જાગૃતિ
વિના જે પરિણામ ઉત્પન્ન થાય તે યથાપ્રવૃત્તિ કરણ
કહેવાય તે યથાપ્રવૃત્તિકરણનાં યોગે જીવ ગ્રંથિના દેશે
આવે છે અને અભવિનાં જીવો પણ ગ્રંથિના દેશે આવી
શકે છે. અનંતીવાર જીવ ગ્રંથિના દેશે આવી ચૂક્યો
છતાં અપૂર્વ સિદ્ધની પ્રાપ્તી ન થઈ. ગ્રંથિના દેશે આવેલા
અભવિનાં જીવો પણ દ્રવ્યથી ચારિત્ર અંગીકાર કરીને
ને તે ચારિત્રનું સાંગોપાંગ પણે પાલન કરીને નવમા
ૈવેયક દેવલોક સુધી જાય છે. આવી રીતે તેવા જીવો
અનંતીવાર નવમા ગ્રૈવેયકને પામે છે તેવી રીતે
જીવો પણ અનંતીવાર નવમા ગ્રૈવેયક સુધી જઈ
યા છે. છતાં સંસારની રખડ પટ્ટીનો અંત ન આવ્યો
કે પોતાના ઉગ્ર પુરુષાર્થ વડે અપૂર્વ કરણના પરિ-
થી જીવ રાગ દ્વેષની નિબિડ ગાંઠને ન તોડે ત્યાં
જીવને સમ્યગ્ દર્શનની પ્રાપ્તી થઈ શકે નહીં અને
દર્શનની પ્રાપ્તી વિના જીવ ગમે તેટલીવાર દ્રવ્ય
તું ભલે નિરતિચારપણે પાલન એવું કરે કે એક

માખીની પાંખને પણ દુભવે નહીં છતાં અપૂર્વ સિદ્ધિને પામી ન શકે.

અંતઃ કોટાકોટી પ્રમાણ જે કર્મોની સ્થિતિ બાકી રહી તેને ખપાવવામાંજ જીવને ઉગ્ર પુરુષાર્થ કરવો પડે છે. કર્મોની ઘણી મોટી સ્થિતિ જે કુદરતી રીતે ખપી ગઈ તે રીતે આ બાકીની સ્થિતિ ખપવાની નથી એ સ્થિતિને ખપાવવા જીવને ઉગ્ર પુરૂષાર્થ કરવાનો રહેશે. અષાઢ મહિનામાં વરસાદ ભલે કુદરતી રીતે વર્ષે છે પણ ખેતી અંગેનો પુરૂષાર્થ તો કૃષીકારનેજ કરવાનો રહે છે તેવી રીતે કર્મોની અમુક પ્રમાણમાં ઘણી મોટી સ્થિતિ કુદરતી રીતે તૂટી ગઈ પણ આગળની સ્થિતિ તોડવાનો અને ગ્રંથિ ભેદ માટેનો પુરૂષાર્થ તો જીવને પોતાને કરવાનો રહે છે.

ગ્રંથિ ભેદ વડે સમ્યગ્ દર્શનની પ્રાપ્તી થતા અપૂર્વ આનંદની પ્રાપ્તી

પૂ૦ આચાર્ય ભગવંત હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે :

तथा च भिन्ने दुर्भेदे कर्मग्रन्थि महाबले ।
तीक्ष्णेन भाव वज्रेण, बहु संक्लेश कारिणि ।

आनंदो जायतेऽत्यन्त, तात्त्विकोऽस्य महात्मनः
सद्व्याध्यभिभवे यद्वत् व्याधितस्य महौषधात् ॥

કર્મ ગ્રંથ રૂપી મહા બળવાન પર્વત જ્યારે અપૂર્વ કરણ રૂપ તીક્ષ્ણ ભાવ વજ્રથી ભેદાઇ જાય છે ત્યારે ભિન્ન ગ્રંથિ મહાત્માને અત્યંત તાત્વિક આનંદ ઉપજે છે, ઉત્તમ પ્રકારનાં ઔષધના સેવનથી રોગ કાબુમાં આવતાં જેમ રોગીને આનંદ ઉપજે છે અથવા જન્મથી આંધ એવા મનુષ્યને જેમ શુભ કર્મના ઉદયે ચક્ષુનો લાભ થતાં જેમ અત્યંત આનંદ ઉપજે છે તેમ ગ્રંથિના ભેદ વડે સમ્યગ્ દર્શનનો લાભ થતાં ભવિ જીવને તેવોજ ઉત્કૃષ્ટ આનંદ ઉપજે છે. અપૂર્વ કરણના પરિણામવડે ગ્રંથિનો ભેદ થાય છે. ગ્રંથિ એટલે જીવના કર્મ જનિત જે રાગ દ્વેષના પરિણામ તેને ગ્રંથિ કહેવામાં આવે છે અને જીવમાં ક્યારે પણ અપૂર્વ શુભપરિણામ પૂર્વે ન ઉત્પન્ન થયા હોય તેવા શુભ પરિણામ જિનવાણીનું શ્રવણ કરતા અથવા જિન પ્રતિમાના દર્શન કરતા જીવમાં ઉત્પન્ન થઇ જાય તેને અપૂર્વ કરણ કહેવામાં આવે છે. કરણ એટલે પરિણામ રાગ દ્વેષને પણ પરિણામ કહેવામાં આવે છે અને કરણને પણ પરિણામ કહેવામાં આવે છે જ્યારે આટલા વિવેચનમાં પરિણામથીજ પરિણામને મહાત કરવાની વાત સ્પષ્ટ થઈ ગઈ! રાગ દ્વેષના તીવ્ર પરિણામને અપૂર્વ કરણના પરિણામથી મહાત કરી લેનારો જીવ જ સમ્યગ્

"દરસણ દરસણ રટતો જો ફિરું
તોરણ રોઝ સમાન"

હે નાથ ! જંગલનાં રોઝની જેમ મોઢેથી દરસણ
ણ રટતો ચોમેર ભમી રહ્યો છું ! જિનદર્શનથી
ા અપૂર્વ લાભ થતો હોય એટલે મુમુક્ષુને જિન
નની તીવ્ર ઉત્કંઠા જાગેજ તેમાં કોઈ નવાંઈની વાત
જ નહીં, જિન દર્શન એજ સમ્યગ્ દર્શનનું મહાન
ાલંબન છે. જિન દર્શનનાં પ્રભાવે મિથ્યાત્વાદિ જેવા
ર્મોનું ક્ષય થઈ જતાં અવશ્ય સમ્યગ્ દર્શનની જીવને
ાપ્તી થાય છે, અને સમ્યગ્ દર્શનના પ્રભાવે મહાન
પુન્યના ઉદયે મળેલા મનુષ્ય જન્મની સાર્થકતા સધાય છે

यास्यामि आयतनं जिनस्य लभते
ध्यायंश्चतुर्थं फलं, पष्टंचोत्थित
प्रस्थितोऽष्टममथो, गंतुंप्रवृत्तोऽध्वनि ।

મુમુક્ષુ જીવ સવારનાં સમયે મનમાં એવો વિચાર
કરે કે મારે જિન મંદિર દર્શનાર્થે જવાનું છે એટલો
મનમાં સંકલ્પ કરે તેનું ફળ ઉપવાસનું બતાવ્યું છે.
જિન મંદિર જવા માટે જેવો ઉભો થાય તેનું ફળ
છઠ્ઠનું બતાવ્યું છે અને પ્રસ્થાન કરે તેનું ફળ અઠ્ઠમનું
બતાવ્યું છે. પછી તો જિન મંદિર જવા માટે આગળ
જાય તેમ તેમ અધિક ફળ બતાવ્યું છે અને

જિન મંદિરમાં જઈને તેના પરમાત્માના દર્શન
કરી તેનું ફળ માત્ર સમતાનું બતાવવામાં આવ્યું છે.
અને ઉંચે શીખર બંધાવિયું આવશ્યક કે તેનું ફળ
અનંતગણું બતાવવામાં આવ્યું છે. મનુષ્ય જિન મંદિર
બનાવો મનમાં સંકલ્પ કરે ત્યારથી તેના અધ્યવસાય
કેટલા બધા શુદ્ધ બની જાય છે કે કેટલું પ્રમાણ થયું
જ થાય તેમાં કોઈ આશ્ચર્યની વાત છે જ નહીં!
સાધુ કે શ્રાવક જિન મંદિર દર્શનાર્થે ન જાય તો મહા
ઉપવાસમાં છઠ્ઠ અથવા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત
ભગવાને કહ્યું છે. દરરોજ જિન મંદિર જવું એ મહાન
શુભ કરણી છે. શુભ કરણીથીજ શુભ ભાવો હૃદયમાં
પ્રગટે છે. સવારના જિન મંદિર જવાને બદલે હાથમાં
થેલી લઈને કોઈ ભૂખ્યો શાક માર્કેટમાં શાક ખરીદવા
નિકળ્યો હોય તેના હૃદયમાં કેવા પ્રકારનાં શુભ ભાવો
પ્રગટવાના છે. તેવા શુભ ભાવો પ્રગટવાનો કોઈ અવકાશ
નથી માટે શુભ કરણીનો ભૂલે ચૂકે નિષેધ નહીં કરવો.
નિષેધ કરવો તેમાં ભગવાને મહા કર્મનો બંધ કહ્યો છે.

કેવળજ્ઞાનની જેમ સમ્યક્ત્વ પણ જીવનો મહાન ગુણ

હવે અભિનંદન ભગવાનના સ્તવનની છઠ્ઠી ગાથામાં
પૂ૦ આનંદઘનજી ફરમાવે છે કે,

તરસ ન આવે હો મરણ જીવનતણો
સીઝે જો દરિશણ કાજ

[illegible]

અર્ધ પુદ્ગલ પરાવર્તનના કાળ પર્યંત! તેટલા કાળ પછી તો તે જીવ સીઝે ને સીઝે! લઘુ કર્મિ જીવો તો નાગકેતુની જેમ પરમાત્માના દર્શન પૂજનનાં પ્રભાવે તેજ ભવે સિઝે! અર્થાત્ તદ્ ભવ મુક્તિગામી પણ બને. પારસ મણીની સ્પર્શના લોઢાને સુવર્ણ બનાવી દે તેમ સમ્યક્ત્વની સ્પર્શના જીવને શીવ બનાવી દે. આત્માને પરમાત્મા બનાવી દે. એક બે ઘડી પણ જીવને સમ્યક્ત્વ સ્પર્શી જાય એટલે જીવનો સંસાર સિમિત બની જાય. સમ્યક્ત્વ એ આત્માનો પ્રકૃષ્ટ ગુણ છે. બીજા શબ્દોમાં સમ્યક્ત્વને મુક્તિબીજ કહેવામાં આવે છે—વસ્તુનું વસ્તુના સ્વરૂપે શ્રદ્ધાન કરવું એજ સમ્યક્ત્વ છે.—તત્વાર્થનું સમ્યગ શ્રદ્ધાન તેનેજ દર્શન કહેવામાં આવે છે. આત્માદિ તત્વોને શ્રદ્ધાન હોય પણ જો વિપરીત શ્રદ્ધાન હોય તો તે [illegible]ત્વ નહીં પણ મિથ્યાત્વ છે. અઢાર પા

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] પણ નહીં [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
તથા ગુણ [illegible] ફરી પાછા [illegible] તો પણ તેને
કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ નહીં પડે—બંધ પડે તો
તે અંતઃ કોડાકોડી સાગરોપમ જેટલો સ્થિતિનો બંધ
પડે—સમ્યક્ત્વ ગુણનો આ અપૂર્વ મહિમા શાસ્ત્રોએ દર્શાવ્યો
છે. કેવલી માટે શાસ્ત્રકારોએ જ્ઞાનના કેવલજ્ઞાનનાં ગુણની
જેમ સમ્યક્ત્વ ગુણને પણ પ્રધાન ગુણ દર્શાવ્યો છે.
કેવળીને સર્વ પદાર્થોનું જ્ઞાન હોય છે તો સમકિતિને
કેવળી પ્રરુપીત સર્વ પદાર્થોનું શ્રદ્ધાન હોય છે. વિંધા-
એલા મોતીને ફરી વિંધાવવાનું હોય નહીં તેમ સમકિતિને
ફરી ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ હોય નહીં. વિંધાએલા
મોતીમાં દોરો પણ પરોઈ જાય તો તેને દોરો કાઢવા
માટે ફરી વિંધવો ન પડે એવી રીતે દોરો ઘણી સહેલાઈથી

કાઢી શકાય તેમ સમકિતિ પડવાઇ પણ થઇ જાય તો પણ ઉત્કૃષ્ટ ક્રિયાનિયમમાં તો ન જાય. અને તેના આત્મામાં કર્મનો કચરો પણ જાય તો પણ ક્યારેક તે જીવ ફરી પાછો ઉંચો આવે ત્યારે કર્મનો કચરો સહેલાઇથી દૂર કરી શકાય.

દુર્લભ વસ્તુ પણ કૃપા થકી સુલભ

એટલા માટે પૂ૦ આનંદઘનજીએ સ્તવનની છેલ્લી ગાથામાં અપૂર્વ વ્યાખ્યા લખી છે કે

તરસ ન આવે હો મરણજીવન તણો
સીઝે જો દરસણ કાજ

સમ્યક્‌ત્વ કહો દર્શન કહો એકની એક વાત છે- પ્રભુ! આપનાં દર્શનનાં પ્રભાવે સમ્યગ્ દર્શન પામવારુપ કાર્ય જો પાર પડી જાય તો જન્મો જન્મથી મારી માથે જે જન્મ મરણનો ત્રાસ છે તેનો અંત આવી જાય અને પછી તો મારો આત્મા અનંત અવ્યાબાધ સુખને વિલસતો થઇ જાય.

"દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી આનંદઘન મહારાજ"

દર્શનનું કાર્ય સિદ્ધ થઇ જાય તો જન્મ મરણનો ત્રાસ ન રહે પણ દર્શન અતિ દુર્લભ છે છતાં આનંદઘનજી ફરમાવે છે કે આનંદના સમુહ રુપ આપ મહારાજાની જો કૃપા વર્ષી જાય તો જે અતિદુર્લભ છે તે પણ સુલભ થઇ જાય-માટે નાથ! હું તો આપની કૃપા મેળવવાજ અથી રહ્યો છું

પોતાના પુરુષાર્થ વિના કોઈ પણ જીવ મોક્ષને પામી શકે નહીં

પૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ ફરમાવે છે કે

તુજ કરુણા સહુ ઉપરે રે
    સરખી છે મહારાજ
પણ અવિરાધક જીવને રે,
    કારણ સફલું થાય રે,
ચંદ્રાનન જીન સાંભળીએ અરદાસ........

પરમાત્માની કરુણાતો સૌ જીવો પર સરખી છે છતાં જે અવિરાધક જીવ હોય તેનેજ તે સફલ થાય છે-જીવમાં પણ યોગ્યતા તો જોઈએજ. કરડુ મગમાં જ્યાં સીઝવાની યોગ્યતાજ ન હોય ત્યાં પાક શાસ્ત્રી જેવા રસોઈયા પણ કરડુ મગને સીઝાવી ન શકે કારણ કે તેમાં સીઝવાની યોગ્યતા નથી તેમ અભવિનાં જીવોમાં સમ્યગ્દર્શન પામવાની જ્યાં યોગ્યતાજ નથી ત્યાં દેવાધિદેવની કૃપા પણ શું કરી શકે. પરમાત્માનો ગમે તેટલો અનુગ્રહ હોય પણ જીવની પોતાની યોગ્યતા વિના એકલા ઈશ્વરનાં અનુગ્રહથી પણ મોક્ષ થઈ શકતો નથી જેમ કેટલાકોમાં કહેવાય છે કે ઈશ્વરની કૃપા થાય એટલે જીવનો મોક્ષ થઈ જાય પણ તેવું એકાંતે બનતું નથી તેમાં જીવની પણ યોગ્યતા જોઈએ ઈશ્વર તો મોક્ષનો રસ્તો બતાવનારા

એટલામાં ગામમાં ગ્રામાનુગ્રામ વિચરતાં કોઈ મહા પુરૂષ પધાર્યા. શેઠ સીધા મહાપુરૂષની સમીપે પહોંચી ગયા. અને બધી વાત કરી. મહાત્માએ કહ્યું, આમાં શું મુંઝાઈ ગયા છો! જંગલમાંથી એક મોટો વાંસ મંગાવીને ઘરનાં ચોકમાં ખોડાવી દો અને પિશાચને કહી દો કે તને બીજા કોઈ કામે ન લગાડું ત્યાં સુધી આ વાંસ પર ચડઉતર કર્યા કર! પિશાચે તેમ કરવા માંડયું પણ અંતે થાકીને શેઠનાં પગમાં પડયો. અને શેઠની આગળ કરગરવા લાગ્યો. શેઠ! હું તમને આધીન છું મને આ સજામાંથી મુક્ત કરો. તમારે અગત્યનું કામ હોય ત્યારે મને યાદ કરીને બોલાવી લેજો. તમે મને એવા કામે લગાડી દીધો કે કોટી વર્ષે પણ કામ ખૂટેજ નહીં. અને મારા તો તમે બાર વગાડી દીધા. એટલે હું તમને આધીન છું. કામ પડે હું હાજર થઇ જઈસ. આપ મને પાકા ગુરૂ મલ્યા છો. કામ ખૂટે એટલે હું તમારી છાતી પર ચડી બેસવાનો હતો પણ તમે મને એવા કામે લગાડી દીધો કે મારી ચોટલી પાકા ગુરૂના હાથમાં આવી ગઈ.

એવી જ રીતે મનને પણ પિશાચની ઉપમા છે તેને પણ તમે પડકાર કરીને કહી દો કે તને શુભ અનુષ્ઠાનમાં જોડું ત્યારે તેમાં જોડાઈ રહેવું. બાકી અંદર બેઠો બેઠો નવકાર મંત્રનું સ્મરણ કર્યા કર! નાહક

પડે છતાં તે દર્પણ વિકારવાન્ થતો નથી તેવી રીતે પરમાત્માના કેવલજ્ઞાનરૂપી અરિશામાં લોકલોકનાં ભાવો પ્રતિબિંબિત થતા હોય છે. અરે! દેવલોકમાં ચાલતા નાટારંભો પણ તેમના જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા હોય છે. તેમજ દુનિયાભરમાં કેટલાય પ્રકારનાં વિલાસી કાર્યક્રમો ચાલતા હોય છે. આજની દુનિયામાં નાટક સિનેમાના કેવાકેવા પ્રકારનાં કાર્યક્રમો ભજવાતા હોય છે તે સૌ કોઇ જાણે છે. દુનિયામાં ચૌમેર આજે રંગરાગનું વાતાવરણ નજરે પડે છે. આવા પ્રકારનાં સારાં નરસાં ભાવો પરમાત્માના કેવલ જ્ઞાનરૂપી દર્પણમાં પ્રતિબિંબિત થતા હોય છે. તેમનાથી ચૌદ રાજલોકનાં ગુપ્તમાં કે જાહેરમાં ભજવાતા સારા કે નરસા કોઈ પણ ભાવો અજાણ્યા નથી પ્રત્યેક ભાવોને તેઓ હસ્તામલકવત્ જોઈ રહ્યા છે છતાં પોતાના જ્ઞાનસ્વભાવમાં તેઓ લવલેશ પણ વિકારી ભાવને પામતા નથી. લોકાલોકનાં ભાવોને પોતાનાં જ્ઞાનનાં ઉપયોગ વડે જાણીને પણ કેવલી ભગવંતો પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ સ્થિત રહેતા હોય છે. કોઈ પણ ભાવોમાં તેમને ન રાગ ઉત્પન્ન થાય કે ન દ્વેષ ઉત્પન્ન થાય કારણ તેઓ સંપૂર્ણ વીતરાગ છે.

જ્ઞાતા અને દ્રષ્ટા એજ તેમનો શુદ્ધ સ્વભાવ છે. રાગદ્વેષ તેમનામાં નહીં હોવાથી કોઈ પણ પર દ્રવ્યોમાં તેમનો ઉપયોગ રોકાતો નથી એટલે તેઓ સમય સમયમાં લોકલોકનાં ભાવોને જાણી શકે છે છતાં તેમનું જ્ઞાન જ્ઞેયાકારે પરિણમતું નથી. પોતાના શુદ્ધ સ્વભાવમાં જ પરિણમે છે લોકાલોકનાં ભાવોને પ્રતિસમયે જાણીને

સ્વમાંજ પરિણામવું લવલેશ પણ પરદ્રવ્ય અથવા પર-દ્રવ્યનાં પર્યાય સ્વરૂપે ઉપયોગને ન પરિણમાવવું એ આપણા જેવા માટે મહદાશ્ચર્ય નહીં તો બીજું શું કહેવાય. એટલા માટે નિયમસાર ગ્રંથમાં દિગંબર સંપ્રદાયનાં આચાર્ય કુંદકુંદાચાર્યજીને લખવું પડયું કે કેવળી વ્યવહાર નયથી લોકાલોકનાં ભાવોને જાણે છે અને નિશ્ચ-યથી સ્વનેજ જાણે છે. આ વિધાનની પુષ્ટિ એટલા પુરતી જરૂર કરી શકાય કે કેવળી સમસ્ત જ્ઞેય પદાર્થોને જ્ઞાન વડે જાણતા હોવા છતાં જ્ઞેયાકારે પરિણમતા નથી પણ સ્વમાંજ પરિણમતા હોય છે. જ્યારે આપણે છદમસ્થો કોઇ પણ પદાર્થને તેના સંપુર્ણ દ્રવ્યગુણ પર્યાયથી જાણી શકતા નથી, કેવળી અનંતાનંત પદાર્થોને તેના સંપુર્ણ દ્રવ્ય ગુણ પર્યાયથી જાણતા હોય છે. અને છદ્મસ્થ એવા આપણે એક પણ પદાર્થને સંપૂર્ણ પણે જાણતા નથી. છતાં આપણાં ઉપયોગમાં રાગ દ્વેષાદિના વિકારીભાવો થયા કરતા હોય છે. દર્પણની જેમ આપણે અવિકાર રહી શકતા નથી.

આપણા જ્ઞાનની અપૂર્ણતા

દુનિયાના કહેવાતા ઇષ્ટ પદાર્થોમાં આપણને રાગ બુદ્ધિ થઈ જાય છે. અને અનિષ્ઠમાં દ્વેષ બુદ્ધિ થઈ જાય છે, બસ આજ આપણા જ્ઞાનની અપૂર્ણતા છે. રાગ-દ્વેષની બુદ્ધિને કારણે સંસારી જીવો પ્રતિસમયે કર્મ બાંધતા હોય

છે. જ્યારે પરમાત્મામાં જ્ઞાનની પૂર્ણતા હોવાથી ઇષ્ટ કે અનિષ્ટ કોઈ પણ પ્રકારનાં બહિર્ભાવોમાં તેઓ રાગદ્વેષાદિ રૂપે પરિણમતા નથી. માટે તેમને કર્મનો બંધ પડતો નથી. પૂ૦ આનંદઘનજીએ બિલકુલ ઠીક ફરમાવ્યું છે કે "દરપણ જિમ અવિકાર સુજ્ઞાની" નાથ! આપ વિકાર વગરનાં હોવાથી દર્પણની જેમ અવિકાર છો હવે સ્તવનની બીજી ગાથામાં આત્માના ત્રિવિધ પ્રકાર બતાવે છે.

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની
બીજો અંતર આતમા તીસરો,
પરમાતમ અવિછેદ, સુજ્ઞાની,
સુમતિ ચરણકજ......૨

ત્રિવિધ આત્મામાં અષ્ટવિધ આત્માનો સમવતાર

શરીરને ધારણ કરનારા સર્વ દેહ ધારીઓના આત્મા ત્રિવિધ પ્રકારે છે તેમાં બહિરાત્મા એ પહેલો પ્રકાર, અંતરાત્મા એ બીજો પ્રકાર, અને પરમાત્મા એ ત્રીજો પ્રકાર છે. જે અચ્છેદ્ય, અભેદ્ય, અને અક્ષય છે. સિદ્ધાવસ્થામાં ત્રિવિધ પ્રકાર ઘટતા નથી ત્યાં તો પરમાત્મ દશા છે. માટે ગાથામાં "તનુ ધર ગત આત્મા એ શબ્દનો પ્રયોગ થયો છે. અર્થાત્ કે શરીરધારી આત્માઓ ત્રિવિધ પ્રકારે છે. ભગવતી સૂત્રમાં આત્માના આઠ પ્રકાર જે બતાવવામાં

આવ્યા છે. તે વચમાં આ સ્તવનનાં વિવેચનમાં દર્શાવી આવ્યા તે આઠે પ્રકારનો આ ત્રણ પ્રકારમાં સમવતાર થઈ શકે છે. આઠ પ્રકારમાં કષાયાત્મા, યોગાત્મા, અને વીર્યાત્માનાં પ્રકારો દર્શાવવામાં આવ્યા હતા. તેમાં કષાયાત્માનો સમાવેશ બહિરાત્મામાં કરી શકાય. અને મન, વચન, અને શરીર એ ત્રણે યોગો જ્યારે અશુભમાં પ્રવર્તતા હોય અને જીવનું વીર્ય પણ જ્યારે આરંભ સમારંભાદિમાં વિષય કષાયાદિમાં ભયંકર યુદ્ધો ખેલવામાં પ્રવર્તતુ હોય ત્યારે યોગાત્મા અને વીર્યાત્માનો પણ બહિરાત્મામાં સમવતાર કરી શકાય. યોગો શુભમાં પ્રવર્તતા હોય અને સંયમમાં વીર્ય ફોરવાતુ હોય ત્યારે યોગાત્મા અને વીર્યાત્માનો સમવતાર અંતરાત્મામાં પણ કરી શકાય. જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્માનો સમવતાર અંતરાત્મામાં કરી શકાય. અને તેના તે ગુણો ક્ષાયિક ભાવે પ્રગટે એટલે પરમાત્મામાં સમવતાર કરી શકાય. દ્રવ્યાત્મા એ તો ત્રિકાળી છે.—અને જે પ્રકારો પાડવામાં આવે છે એ તો દ્રવ્યની અવસ્થાઓ છે. અવસ્થાઓ પલટે પણ દ્રવ્ય તો સદા ત્રિકાળી રહે છે. એટલે દરેક અવસ્થામાં દ્રવ્યાત્મા તો રહેલો જ છે.

દ્રવ્યાત્મા હોય તે કષાયાત્મા હોય અથવા ન પણ હોય પરંતુ જે કષાયાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય જ તેવી રીતે દ્રવ્યાત્મા હોય તે યોગાત્મા હોય અથવા ન પણ હોય કારણ કે મોક્ષમાં ત્રણમાંથી કોઈ પણ યોગો રહેતા

નથી યુક્ત યોગમા ગુણ સ્થાનને પણ અયોગી ગુણ સ્થાન
કહેવામાં આવે છે. માટે દ્રવ્યાત્મા હોય તે યોગાત્મા હોય
અને ન પણ હોય પણ યોગાત્મા હોય તે દ્રવ્યાત્મા હોયજ
જે દ્રવ્યાત્મા હોય તે નિયમા ઉપયોગાત્મા હોય અને જે
ઉપયોગાત્મા હોય તે નિયમા દ્રવ્યાત્મા હોય કારણકે કેવળજ્ઞાન
ઉપયોગ અને કેવળ દર્શનનો ઉપયોગ મોક્ષાવસ્થામાંહોય
એટલે ઉપયોગાત્મા હોય તે નિયમા દ્રવ્યાત્મા હોય અ
દ્રવ્યાત્મા હોય તે ઉપયોગાત્મા હોય। જ્યારે કષાયાત
મોક્ષાવસ્થામાં હોઈ શકતો નથી જ્યારે દ્રવ્યાત્મા ત્રિકા
હોવાથી તે તો મોક્ષાવસ્થામાં હોય એટલે દ્રવ્યાત્મા હ
તે કષાયાત્મા હોય અથવા ન પણ હોય જે કષાયાત
હોયતે અવશ્ય યોગાત્મા હોય. જે યોગાત્મા હોય તે કષા
ત્મા હોય અથવા ન પણ હોય. તેરમે ગુણ ઠાણે યોગા
હોય પણતે ગુણઠાણે કષાયો નહીં હોવાથી કષાયાત્મ
હોય એટલે કષાયાત્મા એ બહિરાત્મા છે. જ્યારે ત
ગુણઠાણે તો પરમાત્મ દશા હોય છે.

જીવની જેમ ધર્માસ્તિકાયાદિ અજીવ તત્વોનું
પોતાનું સ્વરૂપ હોય છે માટે દ્રવ્યાત્માનો ભાંગો તો અ
દ્રવ્યોમાં પણ ઘટી શકે છે–એટલા માટે પૂ૦ ઉમાસ
પ્રશમરતિ પ્રકરણમાં લખે છે કે ' जीवा जीवानां द्रव्या
જીવ અજીવ બંન્નેમાં દ્રવ્યાત્માનો પ્રકાર લાગુ
જ્ઞાન અને ચારિત્રાદિ પણ મિથ્યાત્વનાં ઉદયવાળા
જ્ઞાનાત્મા અને ચારિત્રાત્માનો પણ બહિરાત્મામાં સમ
[illegible] ચારિત્રાદિ સમ્યક્ત્વ સહિતન

તો અંતરાત્મા અથવા પરમાત્મામાં સમ.
આ રીતની ભાવનાથી મુમુક્ષુને આત્મજ્ઞાન.
આત્મજ્ઞાન થાય એટલે અંદરના સંક્લેશનું •
છે, સંક્લેશનો નાશ થતા કર્મક્ષય થાય છે. અ.
પરાએ જીવ કેવળજ્ઞાનને પામે છે માટે આત્માનાં અજ્ઞાનથી
ઉત્પન્ન થએલાં ભવદુઃખને આત્માના જ્ઞાનથી છેદી શકાય
છે. આત્મજ્ઞાનથી હીન મનુષ્યો એકલા તપથી પણ ભવ
દુઃખને છેદી શકતા નથી કારણ આત્મજ્ઞાન ન હોય.
એટલે તપમાં પણ કયારેક ક્લેશનો સંભવ રહે છે.

બહિરાત્માનું સ્વરૂપ.

હવે આગળની ગાથામાં પૂ૦ આનંદ ઘનજી ત્રિવિધ આત્માનાં સ્વરૂપમાં સૌથી પહેલા બહિરાત્માનું સ્વરૂપ ફરમાવે છે

આતમ બુધ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘ રૂપ, સુજ્ઞાની,
સુમતિ ચરણકજ આતમ અર્પણા !

કલિકાલ સર્વજ્ઞ પૂ૦ હેમચંદ્રાચાર્ય કૃત યોગ શાસ્ત્રનાં બારમા પ્રકાશમાં ત્રિવિધ આત્માનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે તેમાં જે સંસ્કૃતમાં ગાથાઓ મૂકવામાં આવી છે તે ગાથાઓ સાથે પૂ૦ આનંદઘનજીએ ત્રિવિધ આત્માનું સ્વરૂપ દર્શાવવા સ્તવનમાં રચેલી ગાથાઓ બિલકુલ અક્ષરશઃ મળતી આવે છે.

નાશી, જ્ઞાનસ્વરૂપ, નિર્મળ, નિઃસંગ, અરૂપી એવો આત્મા છું. એ સિવાય પરદ્રવ્યોમાં એક પરમાણુ પણ મારી માલિકીનું નથી. મારો આત્મા એક શાશ્વત છે. જ્ઞાન, દર્શન, અને ચારિત્રનાં લક્ષણવાળો છે. એ સિવાયનાં બાકીનાં બધા ભાવો બહિર્ભાવો છે અને તે સર્વ સંયોગિક લક્ષણવાળા છે. શરીર એ પણ બહિર્ભાવ છે ત્યાં ધન, વૈભવ, વિગેરેની તો વાતજ કરવાની ક્યા રહી ! આ રીતનું અંતરમાં સંવેદન થતું હોય તો સમજવું કે જીવનમાં એકલો અમૃતરસ ઘુંટાય છે. તેવો અમૃતરસ ઘુંટનાર અંતે મૃત્યુને તરી જાય છે.

આટલા વિવેચન ઉપરથી સમજી શકયા હશો કે અંતરનું સંવેદન એ કેટલી મહાન વસ્તુ છે! બાકી સ્થૂલ દૃષ્ટિએ બીજાને સામાન્ય ખ્યાલ આપવા કોઇ કહે કે, મારે આટલા દિકરા છે, આટલા હાથી છે, આટલા ઘોડા છે, આટલી મોટર છે, આટલા બંગલા છે તો આટલાથી કાંઈ તેનું સંવેદન નબળું છે એમમાની શકાય નહીં પણ અંતરમાં શું આંદોલન ચાલી રહ્યું છે તેની ઉપર મોટો આધાર છે અંતરમાં જો મોહમહીપતિનું સામ્રાજ્ય જામેલું હોય અને અંતરને મોહ જન્ય વિકલ્પોથીજ ઘેરાએલું હોય તેમજ અંતરમાં અજ્ઞાનરૂપી નિબિડ અંધકાર છવાએલો હોયતો સમજવું કે એ બહિરાત્મભાવમાં છે આગળ વધીને શ્રી આનંદઘનજી ફરમાવે છે કે–

"બહિરાત્મ સ્વરૂપ"

બહિરાત્મા એ પાપરૂપ છે. અઢાર પાપસ્થાનક છે. પણ બધા પાપોનું મૂળ ઉત્પત્તિ સ્થાન બહિરાત્મ ભાવ છે. આવો બહિરાત્મભાવ મિથ્યાદ્રષ્ટિ ગુણ સ્થાનમાં સંભવે છે. મિથ્યાત્વ એજ બધાં અનર્થોનું મૂળ છે. એના જેવો આત્માનો બીજો કોઈ ભાવ શત્રુ નથી. કોઇ પર પદાર્થો પોતાના નહીં હોવા છતાં મિથ્યાત્વને લીધે તેમાં સ્વપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

સંસારમાં કોઈ કુટુંબીજનો પોતાના નથી સૌ સગાં સ્વાર્થનાં છે સુખમાં સૌ સગાં થતાં આવે છે અને દુઃખમાં પાછા આઘા ભાગી જાય છે. છતાં જીવ એ બધાને પોતાના માને એ પણ એક મિથ્યાત્વનો નાચ છે. જ્યાં મિથ્યાત્વનો નાચ હોય ત્યાં જીવનમાં સાચ આવે ક્યાંથી! મિથ્યા માન્યતા અને મિથ્યા અભિપ્રાયને લીધે જીવ તીવ્ર પરિણામથી પાપ આચરે છે. જેને પોતાના માન્યા તે તેના ઉત્કર્ષ માટે પણ જીવ ઘોર પાપ આચરતો હોય છે. પછીતો જીવની એવી માન્યતા થઈ જાય છે કે માતા, પિતા, ભાઈ, ભગિની, ભાર્યા, પુત્ર તથા પૌત્ર આદિ એ બધા મારા પોતાના છે. માટે એમને સુખી કરવા ગમે તેટલા પાપ આચરવા પડે તો પણ મારે આચરવાં જોઈએ. ક્યાં પારકાં માટે મહેનત કરવાની છે! પોતાના માટે કરવાની છે આવો દ્દઢ અભિપ્રાય બંધાઇ

ઃ

. આ પુદ્ગલનોય એક ક્ષણનો ભરોસો નથી વીજળીના
મકારાની જેમ અને પાણીની મધ્યમાં રહેલા પતાસાની
મ પુદ્ગલો પણ ક્ષણમાં વિખરાઈ જાય છે કંચનવર્ણી
યા પણ જોત જોતામા માટીમાં મળી જાય છે. ત્યાં
ીજ કયાં પુદ્ગલોનાં વિશ્વાસે રહેવું !

પુણ્ય, પાપ એ પણ પુદ્ગલમય છે કયારે પુણ્ય
પરવારી જશે એ જ્ઞાની સિવાય કોણ જાણી શકે તેમ
છે ! બાકી ભલભલાનાં પુણ્ય પરવારી જાય છે. એ તો
નજરો નજર અનુભવાય છે આ સુજબનું સ્વરૂપ સોવા
છતાં જીવ પુદ્ગલ ભાવમાં રચ્યો પચ્યો રહે છે. એ જ
બહિરાત્મભાવ છે શ્રી દેવચંદ્રજી મહારાજ 'વિહરમાન'
જિનનાં સ્તવનમાં ફરમાવે છે કે–

હું નિજ રૂપને છોડી રમ્યો, પર પુદ્ગલે,
ઝીલ્યો ઉલટ આણી. વિષય તૃષ્ણા જલે,
સ્વરૂપની વિસ્મૃતિને લીધે જ અનંત
દુઃખની પ્રાપ્તી

નિજ સ્વરૂપને ભૂલીને જીવ અનાદિથી પુદ્ગલ
[illegible]માં ભ્રમણા કરી રહ્યો છે. જીવ પોતાના સ્વરૂપ
[illegible] છે. [illegible] જેમ બાળ
[illegible] આ [illegible] છે. [illegible]
[illegible]
[illegible] નિજ [illegible] ભૂલીને [illegible]
[illegible] આણીને વિષય તૃષ્ણાનાં
[illegible]

છે તેમ મૃત્યુ કાળનાં સમયે પણ મહાપુરૂષોનું મન પૂર્ણ સમાધિભાવમાં હોય છે. મૃત્યુકાળનાં સમયે પણ અંતરાત્મા દશાએ પહોંચેલા મહાપુરુષો મનમાં લવલેશપણ આકુળતાને અનુભવતા નથી. મૃત્યુનાં સમયે પણ મન સમાધિભાવમાં રહે એજ ખરી અંતરાત્મ દશા છે. સુખ દુઃખ અથવા વિયોગાદિનાં પ્રસંગમાં હર્ષ શોક ન કરનાર આત્માજ અંતરાત્મા કહી શકાય.

પ્રાપ્તીમાં હર્ષ નહી અને હાનીમાં શોક નહી તેજ અંતરાત્મા

અંતરાત્મભાવની ચતુર્થ અવિરત સમ્યક્ દ્રષ્ટિ ગુણ સ્થાનથી શરૂઆત થાય છે. અને બારમા ક્ષીણમોહી ગુણ-સ્થાનમાં પૂર્ણતા થાય છે. ત્યાર બાદ તેરમા સયોગી ગુણસ્થાનમાં પરમાત્મ દશાની પ્રાપ્તિ થાય છે અંતરાત્મા જ પરંપરાએ પરમાત્મા બને છે.

સિદ્ધરસના સ્પર્શથી જેમ લોઢું સુવર્ણ ભાવને પામે છે તેમ પરમાત્માનાં ધ્યાનથી આત્મા પરમાત્મ ભાવને પામે છે. અંતરઆત્મ દશા એ કોઈ સામાન્ય વાત નથી તેમાં આજનાં રંગરાગનાં વાતાવરણમાં અંતરાત્મભાવમાં ટકી રહેવું એ કાંઈ બચ્ચાનાં ખેલ નથી કોર્ટમાં ગમે તેની તરફેણમાં ચુકાદો આવે તેમાં સાક્ષી આપનારને કાંઈ લેવા દેવા ન હોય સાક્ષી આપનાર માત્ર કુટેલ ન હોવો જોઈએ વાદી કે પ્રતિવાદી બંન્નેમાંથી એકની હાર થાય

તે બધાં બાહ્યભાવો છે. તેમાં જીવને શરીર સાથેનો
ણો નજીકનો સંબંધ છે એટલે ગાથામાં

“ કાયાદિકનો હો સાખીધર રહ્યો ”

એ મુજબનો શબ્દપ્રયોગ થયો છે. આદિ શબ્દથી ધન,
સ્ત્રી, કુટુંબ પરિવાર એ બધાને લઈ લેવાના છે. આ
બધા જેટલા, બાહ્ય સંયોગો છે તેમાં જે આત્મા ઉદાસીન
ભાવે—સાક્ષીભાવે રહ્યો હોય તેને “અંતરાત્મા” કહેવામાં
આવે છે.

कायादेः समधिष्ठायको, भवत्यन्तरात्मातु ।

શરીર તો મારે રહેવાનું ઘર છે. હું શરીરની
અંદર રહેનારો અધિષ્ઠાતા છું. શરીર રહેવા પુરતું
ભાડાનું ઘર છે. શરીર તો ભાડાના ઘરની જેમ અથવા
શરીરપર ધારણ કરેલાં વસ્ત્રની જેમ બદલાતાજ રહે છે.
પણ આત્મા તો અનાદિ અનંત દ્રવ્ય હોવાથી તેનો તેજ
છે–જેમ ભગવદ્ ગીતામાં આવે છે કે,

वासांसि जीर्णानि यथा विहाय,
नवानि गृण्हाति नरोऽपराणि ।

જીર્ણ થએલાં વસ્ત્રોનો પરિત્યાગ કરીને મનુ
જેમ શરીરપર નવા વસ્ત્રો ધારણ કરે છે તેવી રીતે
થએલાં શરીરરૂપી વસ્ત્રનું પરિત્યાગ કરીને જીવ
વસ્ત્ર ધારણ કરે છે

કે જેમ મૃત્યુ કાળનાં સમયે પણ મહાપુરુષોનું મન પૂર્ણ સમાધિભાવમાં હોય છે. મૃત્યુકાળનાં સમયે પણ અંતરાત્મા દશાએ પહોંચેલા મહાપુરુષો મનમાં લવલેશપણ આકુળતાને અનુભવતા નથી. મૃત્યુનાં સમયે પણ મન સમાધિભાવમાં રહે એજ ખરી અંતરાત્મ દશા છે. સુખ દુઃખ અથવા વિયોગાદિનાં પ્રસંગમાં હર્ષ શોક ન કરનાર આત્માજ અંતરાત્મા કહી શકાય.

પ્રાપ્તીમાં હર્ષ નહી અને હાનીમાં શોક નહી તેજ અંતરાત્મા

અંતરાત્મભાવની ચતુર્થ અવિરત સમ્યક્ દ્રષ્ટિ ગુણસ્થાનથી શરૂઆત થાય છે. અને બારમા ક્ષીણમોહી ગુણસ્થાનમાં પૂર્ણતા થાય છે. ત્યાર બાદ તેરમા સયોગી ગુણસ્થાનમાં પરમાત્મ દશાની પ્રાપ્તિ થાય છે અંતરાત્મા જ પરંપરાએ પરમાત્મા બને છે.

સિદ્ધરસના સ્પર્શથી જેમ લોહું સુવર્ણ ભાવને પામે છે તેમ પરમાત્માનાં ધ્યાનથી આત્મા પરમાત્મ ભાવને પામે છે. અંતરાત્મ દશા એ કોઈ સામાન્ય વાત નથી તેમાં આજનાં રંગરાગનાં વાતાવરણમાં અંતરાત્મભાવમાં સ્થિર રહેવું એ કોઈ બચ્ચાનાં ખેલ નથી કોર્ટમાં જેમ તેની તરફેણમાં ચુકાદો આવે તેમાં સાક્ષી આપનારને કોઈ લેવા દેવા ન હોય સાક્ષી આપનાર માત્ર હરખ ન શોક કોઈ એ વાદી કે પ્રતિવાદી બંન્નેમાંથી એકની હાર થાય

ા ઉપરની કુંડીમાં અથવા બીજે કયાંય નાખી દેવામાં
ા છે રસ્તા ઉપરથી કુતરા, કાગડાં, ઢોર, ઢાખર તેમજ
ાય મનુષ્યો વિગેરે પસાર થતા હોય તેમાં મારે
ને એટલું જ પુછવું છે કે એંઠવાડમાં મોં કોણ
ા!

સભામાંથી : ઢોર કે કુતરાં તેમાં મોં નાંખે.

આ વાત તમે બરાબર બોલ્યા છો હવે મારે આગળ
ાને એટલું જ કહેવાનું છે કે કુતરાં કાગડાં મોં નાંખે
ુ માણસતો ન જ નાંખે ને?

સભામાંથી : માણસ કાંઈ એંઠવાડમાં મોં નાંખતો
ા?

કોઈ અઘોરી હોય ને તે એંઠવાડમાં મોં નાખે તો
ી વાત છે પરંતુ તમારા કહેવા પ્રમાણે સારો માણસ
ંઠવાડમાં મોં ન નાંખે એતો બરાબર ને! ત્યારે તો
મણાં જ આપણે વચમાં સિદ્ધ કરી ગયાં કે ઘણાએ
ાગવેલી હોવાથી સંપતિ એ પણ એંઠ સમાન છે. મને
ાગે કે હવે તમે એમાં મોં નહીં નાખો? કેમ હવે
ામાં કોઈ બોલ્યા નહીં? મુદ્દાની વાત આવે ત્યાં મૌન
કડી લો છો વચમાં જ બોલેલાં કે એંઠમાં મોં નાંખે
કુતરા કહેવાય. ત્યારે આ સંપત્તિરૂપ એંઠમાં આસક્ત
ાને તે કેવા કહેવાય! એ વાત આપે મનમાં સમજી
ાવાની છે. સંપત્તિની વાત તો ઠીક પણ આ ભવની જે
ાાર્યા છે તે જન્મ-જન્માંતરમાં અનંતીવાર માતા થઈ

ચૂકી છે. એક મહાત્મા લખે છે કે "જીવની આ શી ભૂલવણી છે? જે જન્મ જન્માંતરમાં અનંતીવાર જનેતા થઈ ચૂકી તેને આ ભવમાં આ જીવ સ્ત્રી રૂપે ભોગવે છે. કેવું રામબાણ જેવું વચનામૃત લખ્યું છે? જરાક જીવ ઊંડાણથી વિચારે તો આંખ ઉઘડી જાય અને પ્રબળમાં પ્રબળ જે રાગનું નિમિત્ત છે તે ઉત્કટ વૈરાગ્યનું નિમિત્ત બની જાય. જીવે ઉંડાણથી તત્વાર્થની વિચારણા જ કરી નથી તેથી જ મોહ છુટતો નથી. મોહ જ મોક્ષ માર્ગમાં અંતરાયરૂપ છે છતાં મોહ સાથે જ જીવે મૈત્રી બાંધી. આમાં શે ઉદ્ધાર થાય?

માનવી સમ્યગ્ વિચારણા કરે તો રાગ દ્વેષાદિ બિચારા ઉભા ક્યાં રહે!

કનક અને કાંતા એ બંન્ને રાગનાં નિમિત્તો છે. તેમાં જીવ વિચારે કે જે આ ભવની સ્ત્રી છે. તે અનંતી વાર જનેતા થઈ ચૂકી છે. જે લક્ષ્મીનો ભોગવટો આજે હું કરું છું તેનો ભોગવટો મારી પૂર્વે બીજા ઘણાંઓએ કરેલો છે. માટે ખરેખર એ એંઠ સમાનજ છે. આટલી વિચારણા માણસ ઊંડાણથી કરે તો એ બંન્ને તરફનો રાગ બિચારો ક્યાં ઉભો રહે? તેને ઉભા રહેવા જગ્યા ન મળે પછી કર્મોદયથી ભોગાવેલી કર્મો ભોગવતો હશે તો પણ તેમાં તે લેપાવાનો નથી. અને તેની

અંતરાત્મ દશા સંપૂર્ણપણે જળવાઈ રહેશે બાકી મોક્ષ માર્ગમાં તત્વદ્રષ્ટિની તો પહેલી જ જરૂર છે. તેવી દ્રષ્ટિવાળાઓને ભોગ એ રોગ સમાન લાગે છે. તેમાં તે અંતરાત્માથી લેશ પણ લેપાતો નથી. અંતરાત્માંથી તો તે પરમાર્થને જ ઝંખતો હોય છે. અંતરની દશા પલટાયા વિના મોક્ષ માર્ગથી આપણે ઘણાં દૂર છીએ અને અંતરમાં પલટો લાવવા માટે અંતર્મુખ બનવાની જરૂર છે.

નહીં ત્રણમાં નહી તેરમાં નહી છપ્પનના મેળમાં
ક્યારે પણ આ જીવ અંતર્મુખ ન બન્યો તે
ન બન્યો

મૂઢ અને અબુઝ એવા મનુષ્યો
